॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૫ તારીખે - સળંગ અંક ૩૯૭ માર્ચ - ૨૦૧૯ રૂા. ૫/

## વામામાં આતંકી હુમલામાં શહીદ થયેલ ૪૦ વીર સૈનિકોનૈ ભુજ મંદિરના પટાંગણમાં સંતો વ
## સમગ્ર કચ્છના સત્સંગિઓ દ્વારા ભાવભીની શ્રદ્ધાંજલી આપતાં પૂ. મહંત સ્વામી - ભુજ










**પૂજ્ય મહંત સ્વામીની ભુજ મંદિર, યુવક-યુવતી મંડળ તથા**
**ય હરિભક્તોની સેવા રૂા. ૩૧,૩૩,૩૭૩ની શહીદોના પરિવાર માટેની સેવાની જાહેર**






દુષ્કાળ ગ્રસ્ત કચ્છ જિલ્લાની ગાયો માટે ભુજ મંદિર દ્વારા ઘાસચારાનું વિતરણ અને સંગ્રહ - ભુજ



પ.ભ. કાન્તિભાઈ મુરજી મેપાણી પરિવાર મદનપુર હાલે ટોરોરો યુગાન્ડાના યજમાન પદે અદ્‌ભુત શાકોત્સવ ઉજવાયો - ભુજ



વસંત પંચમીના દિવસે ૧૯૩મી શિક્ષાપત્રી જયંતીનું પૂજન કરતા સંતો - ભક્તો, ભુજ

પવિત્ર માઘ માસમાં માઘસ્નાન કરતા વિદ્યાર્થીઓ તથા શિક્ષાપત્રી પૂજન - શ્રી હરિ તોપવન ગુરૂકુલ ગંગાજી, રામપર (વેકરા)






શ્રી શિક્ષાપત્રી જયંતીનું પૂજન તથા આગામી ૭૫ વર્ષના ઉત્સવના લોગાનું વિમોચન - પૂર્વ આફ્રિકા (નાઈરોબી)






વાર્ષિક ઉત્સવનું દીપપ્રાગટ્ય તથા વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષાપત્રી પૂજન તથા સાંસ્કૃતિક કાર્યક્રમ, શ્રી સહજાનંદ ગુરૂકુળ - માનકુવા




॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક


# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।

रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकैः ॥


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'

કુલ વર્ષ-૨૪ કુલ અંક-૨૧૩

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'

વર્ષ-૧૮ અંક-૧૧ માર્ચ-૨૦૧૯

સળંગ અંક-૩૯૬

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**

અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**

શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક ::**

સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છવાપી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**:: તંત્રી ::**

શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**

શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરૂષોત્તમપ્રિયદાસજી



**:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::**

શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : ૦૨૮૩૨-૨૫૦૪૩૧ ફેક્સ : ૦૨૮૩૨-૨૫૦૧૩૧
E-mail : sandesh@bhujmandir.org
E-mail : info@bhujmandir.org
Website : www.bhujmandir.org


## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રીની કલમે | ૪ |
| નારાયણ અને મહાદેવનું એકાત્મ્યપણું | ૫ |
| ભજન-ભક્તિમાં ભવાઈ ન શોભે..! | ૭ |
| સદ્ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી | ૮ |
| લોયાનાં શાંતાબા | ૯ |
| ધામમાંથી પણ ભૂખ્યા પાછુ આવવું પડ્યું !! | ૧૧ |
| ગર્વગંજન ભગવાન | ૧૨ |
| સત્સંગ સમાચાર દેશ | ૧૬ |
| સત્સંગ સમાચાર વિદેશ | ૩૧ |
| બાલ સંદેશ | ૩૨ |


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

### દેશમાં

આજીવન સભ્ય રૂા. ૫૦૧/-

વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

### વિદેશમાં

આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-

વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

- **અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.**
- **પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.**

# તંત્રીની કલમે



સમાજ અને દેશને યુવાધન પ્રતિ એવી આશા-અપેક્ષા હોય છે કે વારસાગત પ્રાચીન સભ્યતા અને પારંપરિક સંસ્કારોને ક્યારેય ન વિસારે જેથી ગરિમા જળવાઈ રહે !

અપેક્ષા એક બાબત છે, જ્યારે વાસ્તવિકતા અલગ બાબત છે. ઘણીવાર અપેક્ષા અને વાસ્તવિકતાનો મેળ નથી ખાતો હોતો. આવું બનવાનું મૂળ કારણ સંતાનોમાં સંસ્કારોનાં સિંચન પ્રત્યેની બેદરકારી અને યુવાવર્ગ પર વર્તમાન વાતાવરણની અસર. આ બે બાબતો સાથે અપરિવક્વતા અને સંગતની અસર ભળે ત્યારે યુવાધન ગેરમાર્ગે દોરવાઈ જતો હોય છે.

જેમ જેમ આપણો યુવાવર્ગ વિદેશી સંસ્કૃતિના પરિચયમાં આવતો ગયો તેમ તેમ એ સંસ્કૃતિથી પ્રભાવિત થઈને સમજ્યા વગરનું અનુકરણ થવા લાગ્યું છે. વિદેશી સંસ્કૃતિના બાહ્યાડંબરથી અંજાઈ ગયેલા આ યુવાધનને આપણા દેશની સંસ્કૃતિ તરફ રુચિ જાગે તેવા પ્રયત્નોના અભાવે યુવાધન એ બાબત વિષે બહુ ઓછું જાણતો હોય છે. તાજેતરની જ વાત લઈએ. ગયા માસે (ફેબ્રુઆરીમાં) 'વેલેન્ટાઈન ડે'ની ઉજવણી કરી યુવાવર્ગ પ્રેમઘેલું બન્યું. યુવાવર્ગને કોઈએ જણાવ્યું છે ખરું કે આ માસમાં જ 'વસંતપંચમી' જેવો સ્નેહ, સમર્પણ અને પ્રેમનો આપણો ઉત્સવ પણ આવ્યો. વસંતપંચમી-શિક્ષાપત્રી જયંતી 'વિદ્યા'ની પૂજા-અર્ચના કરીને ભલે ઉજવાય છે, પણ સાથે સાથે પ્રેમ-આરાધનાનો દિવસ પણ છે. યુવાવર્ગમાં ભારતીય પરંપરાગત સંસ્કારોનું સિંચન કરાયું હોય તો તે અવશ્ય જાણતો હોય કે પ્રેમ પરમાત્માનું સ્વરૂપ છે. શાસ્ત્રો કહે છે કે દિવ્ય પ્રેમથી પવિત્ર વસ્તુ જગતમાં બીજી કોઈ જ નથી. પ્રેમની સાચી ઓળખ એ છે કે પ્રેમ એટલે મલિનતા નહીં, પણ નિર્મળતા. પ્રેમ એટલે અપેક્ષા નહીં, પણ સમર્પણ. પ્રેમ એટલે વાસના નહીં, પણ પવિત્રતા. પ્રેમ એટલે ઉપેક્ષા નહીં, પણ જતન. પ્રેમ એટેલ અધીરાઈ નહીં, પણ સંયમ. પ્રેમ એટલે ચંચળતા નહીં, પણ મર્યાદા. પ્રેમ એટલે કપટ નહીં, પણ વિશ્વાસ અને વફાદારી. પ્રેમ એટલે ભવ્યતા નહીં, પણ દિવ્યતા. દિવ્ય પ્રેમતત્ત્વ જ જગતનું શ્રેષ્ઠ તત્ત્વ છે. પ્રેમ વાણીથી વ્યક્ત કરવાની આવશ્યકતા નથી, પ્રેમ તો પવિત્ર દૃષ્ટિથી જ અભિવ્યક્ત થતો હોય છે.

પ્રેમ માત્ર આપણી પ્રિય વ્યક્તિ તરફ જ હોય તેવું નથી. પ્રેમ તો મનનો શાશ્વત ભાવ છે. જે પાત્ર કે વસ્તુ મુજબ અનુભવાતો હોય છે. ઈશ્વર પ્રત્યેનો પ્રેમ ભક્તિ તરફ દોરી જઈ સમર્પણના માર્ગે લઈ જાય છે. જે શાશ્વત અને અવિચળ હોય છે. દેશપ્રેમ પણ મોટો સદ્‌ગુણ છે. પુલવામાં જેવા આતંકી હુમલા સમયે દેશ-પ્રેમ આપોઆપ અભિવ્યક્ત થઈ જાય છે. પરંતુ આ બાબત પ્રસંગોપાત ન હોવી જોઈએ. દેશ-પ્રેમની જ્યોત અવિરત પ્રજ્વલ્લિત રહેવી જોઈએ અને દેશને હાનિકારક જે કોઈ પણ બાબત હોય તેને જડમૂળથી ઉખાડી ફેંકવાની તત્પરતા સદાય હોવી જોઈએ.

આવા દરેક પ્રકારના પ્રેમની બાબતો આપણા શાસ્ત્રોમાં સમાયેલી છે. દેશ પ્રેમના પ્રસંગોથી આપણો ઈતિહાસ ભરપૂર છે. આજે માત્ર જરૂર છે આપણા યુવાધનને આ બાબતોથી પરિચિત કરાવીને વારસો જાળવી રાખવાની. અને આ કાર્ય શિક્ષકો, આચાર્યો તેમજ સમર્થ સંતોએ દૃઢ નિશ્ચય સાથે વિના વિલંબે હાથ ધરી આપણી અસ્મિતા અને ગરિમા જાળવી કર્તવ્યનિષ્ઠ બનવાની આવશ્યકતા છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ આવા સંકલ્પો સિધ્ધ કરવાની શક્તિ આપી સહાયતા કરે એજ પ્રાર્થના.

# નારાયણ અને મહાદેવનું એકાત્મપણું

ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી - ભુજ

ભારતદેશમાં મુખ્ય ચાર સંપ્રદાયોની પરંપરા ચાલી આવે છે. વૈષ્ણવ સંપ્રદાય, ભગવાન વિષ્ણુ અને વિષ્ણુના વિવિધ અવતારોની ઉપાસના કરવી. શૈવ સંપ્રદાય, ભગવાન શિવ અને શિવના વિવિધસ્વરૂપોની ઉપાસના કરવી. શાક્ત સંપ્રદાય. મા દૂર્ગા અને દૂર્ગાના વિવિધ સ્વરૂપોની ઉપાસના કરવી. ગાણપત્ય સંપ્રદાય. અન્ય વિવિધ દેવોના સ્વરૂપોની ઉપાસના કરવી. આ સંપ્રદાયની પરંપરા દેશમાં સર્વત્ર જોવા મળે છે. વિશ્વની અંદર જે કોઇ ધાર્મિક લોકો છે તે આ ચાર સંપ્રદાયની પરંપરાને સાક્ષાત્ રીતે અથવા પરોક્ષરીતે અનુસરતા હોય છે. સંપ્રદાયની પરંપરા ભિન્ન હોવા છતાં દરેકની ઉપાસના પદ્ધતિ એક જ છે. ધ્યેય અને પ્રાપ્ય બધાનું એક જ છે. શ્રદ્ધા,ભક્તિ અને સાધના પણ એક પ્રકારની છે. વૈષ્ણવ ભક્તો મહાદેવના મંદિરમાં જઇને પૂજા-અર્ચના કરતા હોય છે અને શૈવી ભક્તો વિષ્ણુના મંદિરમાં જઇને પૂજા-અર્ચના કરે છે. માતાજીના ભક્તો શિવ મંદિરમાં અને વિષ્ણુ મંદિરમાં જઇને પૂજા કરતા હોય છે. આ અદ્ભૂત સમરસતાની સુંદર પરંપરા વર્ષોથી ભારતવર્ષમાં ચાલી આવે છે. ભગવત્ ભક્તિની આવી એકતાને કારણે વસુધૈવકુટુમ્બકમ્‌ની ભાવના વિશ્વમાં પ્રસરી છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે સર્વે ભક્તોમાં પરસ્પર એકતાની આવી સુંદર પરંપરાને સદાય રાખવાની આજ્ઞા કરીને આ એકતાની પરંપરાને મજબૂત કરી. સ્વલિખિત શિક્ષાપત્રીમાં કહે છે - વિષ્ણુઃ શિવો ગણપતિઃ પાર્વતી ચ દિવાકરઃ । એતાઃ પૂજ્યતયા માન્યા દેવતાઃ પંચ મામકૈઃ ॥ (શ્લોક ૮૪) ભગવાન વિષ્ણુ, મહાદેવ, ગણપતિ, પાર્વતી, સૂર્ય આ પાંચ દેવોને આદર પૂર્વક પૂજવા અને તેમના વ્રત તથા ઉત્સવો કરવાની આજ્ઞા કરી છે. શ્રીવિષ્ણુ પદ્મનાભ નારાયણ છે, તે પુરુષોત્તમ નારાયણનો આદ્ય અવતાર છે. ભગવાન શ્રીશંકર જગતના સંહારકર્તા દેવ છે. સર્વે દેવોના દેવ છે. ગણપતિને બ્રહ્મવૈવર્તપુરાણના ગણપતિ ખંડમાં શ્રીકૃષ્ણના અંશાવતાર કહ્યા છે અને તેમને દેવતાઓએ અગ્રપૂજ્ય પણે સ્થાપન કર્યા છે. દેવી પાર્વતી ભગવાન શ્રીશંકરનું અર્ધ અંગ છે. સાક્ષાત્ ભગવાને ઓળખાવવામાં ગુરુ સ્થાને છે. વ્રજની ગોપીઓએ દેવી પાર્વતી (ગૌરી)ની આરાધના કરી હતી. કુંડિનપુરમાં રુક્મિણીએ અને દ્વારિકામાં વસુદેવજી આદિએ દેવી અંબિકા પાર્વતીની આરાધના કરી હતી. શ્રી સૂર્ય ભગવાન દ્વિજત્વ પ્રદાન કરનાર ગાયત્રી મંત્રના અધિષ્ઠાતા દેવ છે. ભગવાનનું સ્વરૂપ છે. વેદમૂર્તિ છે. અને ધર્મની પ્રવૃત્તિનું મૂળ છે. આ કારણોથી સર્વે પાંચ દેવ વિશેષપણે આરાધ્ય છે, પૂજ્ય છે, અને નિત્ય દર્શનીય છે.

શિક્ષાપત્રીના બીજા એક ૪૭મા શ્લોકમાં શ્રીહરિ લખે છે - એકાત્મ્યમેવ વિજ્ઞેયં નારાયણમહેશયોઃ । ઉભયોર્બ્રહ્મરૂપેળ વેદેષુ પ્રતિપાદનાત્ ॥ ભગવાન નારાયણ અને મહાદેવ એ બેનું એકાત્મ્યપણું જ જાણવું, કેમ કે વેદને વિષે બેનું બ્રહ્મરૂપે કરીને પ્રતિપાદન કર્યું છે. મહાનારાયણોપનિષદ, નારાયણોપનિષદ, મહોપનિષદ, અનો સુબાલોપનિષદ આ શ્રુતિ ગ્રન્થોમાં નારાયણનું બ્રહ્મરૂપે પ્રતિપાદન કર્યું છે. તેવીજ રીતે અથર્વશિખા, અથર્વશિરસ્, શ્વેતાશ્વતરીય, મંત્રોપનિષદ તથા કૈવલ્યોપનિષદ આ શ્રુતિ ગ્રન્થોમાં મહાદેવનું બ્રહ્મરૂપે

પ્રતિપાદન કર્યું છે. આ પ્રમાણે ભગવાન નારાયણ અને મહાદેવનું શ્રુતિ ગ્રન્થોમાં બન્નેનું બ્રહ્મપણું પ્રતિપાદન કરવાથી બન્નેનું એકાત્મ્ય પણું જાણવું. આવા શાસ્ત્રોના વચનને અનુસરીને જ્ઞાની ભક્તો ભગવાન નારાયણ અને ભગવાન શિવમાં ભેદ જોતા નથી. ભગવાન શ્રીહરિની આજ્ઞા મુજબ સર્વે ભક્તોને શિવરાત્રિ ઉત્સવ હોય કે પછી જન્માષ્ટમી, રામનવમી ઉત્સવ હોય, દરેક ઉત્સવને શ્રદ્ધા અને ઉત્સાહપૂર્વક ઉજવવા જોઇએ. શ્રીહરિએ મંદિરોનાં નિર્માણ કરીને તેમાં સર્વદેવ દેવાલયની પરંપરા ચલાવીને ભક્તોમાં રહેલી અજ્ઞાનતા મીટાવી દીધી. આજે પણ સ્વામિનારાયમ મંદિરમાં ભક્તો દર્શને આવે છે ત્યારે પંચદેવનાં દર્શન કરીને ભક્તિમય બને છે.

એક કથા મૂજબ મધ્યયુગમાં વૈષ્ણવ ભક્તો અને શૈવ ભક્તો વચ્ચે વૈમનસ્ય રહેવા લાગ્યું હતું. ધીરે ધીરે વૈમનસ્ય વધતું ગયું અને પરિણામસ્વરૂપે વૈષ્ણવભક્તો શિવાલયમાં દર્શને જતા નહી અને શૈવી ભક્તો વૈષ્ણવ મંદિરોમાં દર્શને જતા નહી. આવી વૈમનસ્યતા ભગવાન શ્રીહરિએ પોતાના વન વિચરણ સમયે ઘણે સ્થાને જોઇ પણ હતી. તેથી બન્ને ભક્તો એક દેવાલયમાં સાથે બેસીને સત્સંગ કરી શકે તે હેતું અને વેદોમાં જેનું એકાત્મ્યપણું કહ્યુ છે એ વેદના સંદેશને લઇને સ્વયં નિર્મિત મંદિરોમાં પંચદેવની પ્રતિષ્ઠા કરીને ભક્તોને એક પંક્તિમાં બેસવાની સરળતા કરી આપી. આજના સમયમાં ભક્તોમાં આવી એકતાની સુંદર વ્યવસ્થા સર્વત્ર ભક્તોમાં જોવા મળે છે. તેથીજ હિન્દુ ધર્મના કોઇ પણ ઉત્સવ હોય તેને સૌ સાથે મળીને ઉજવે છે. એ જ ભારતદેશની વિવિધતામાં એકતા છે. એકમ્ સત્ વિપ્રાઃ બહુધા વદન્તિ ।ભારતીયો આ શ્રુતિને ચરિત્રાર્થ કરી રહ્યા છે.

સ્વામિનારાયણ સંપ્રદાયના દરેક મંદિરોમાં પંચદેવને ગર્ભગૃહમાં સ્થાપના કરવામાં આવે છે. ભક્તને જેના પ્રત્યે શ્રદ્ધા-ભક્તિ હોય તેમની સન્મુખ બેશીને ભક્તિ કરીને પોતાને પવિત્ર કરે છે. આવી પરંપરા પ્રાચીન કાળના મંદિરોમાં પણ જોવા મળે છે તમિલનાળુમાં આવેલ હજારો વર્ષ પ્રાચિન ચિદંબરના મંદિરમાં એક બાજુ શેષશાયી વિષ્ણુ ભગવાનનું ગર્ભગૃહ છે અને બીજી બાજું મહાદેવનું ગર્ભગૃહ આવેલું છે. મંદિરો માત્ર ભગવત્ દર્શનનું સ્થાન નથી પરંતુ સમાજમાં એકતાનો સંદેશો પણ આપે છે. આવી પરંપરાને અનુસરીને ભગવાન શ્રીસ્વામિનારાયણે સ્વહસ્તે નિર્મિત જુનાગઢમાં શ્રીસ્વામિનારાયણ મંદિરમાં શ્રીરાધારમણ ભગવાનની પાસે શ્રીસિદ્ધેશ્વર મહાદેવની પ્રતિષ્ઠા કરીને વેદોમાં કહેલ બન્નેનું એકાત્મ્યણું પ્રત્યક્ષપણે ચરિત્રાર્થ કર્યું છે. ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પણ પંચદેવની સાથે ભગવાન નારાયણ અને મહાદેવની સ્થાપના કરીને બંનેનું એકાત્મપણાનું દર્શન કરાવે છે. તેથી આવી રહેલ મહાશિવરાત્રિના દિવસે વ્રત અને ઉત્સવ કરીને દેવોના દેવ મહાદેવની પ્રસન્નતા પ્રાપ્ત કરીએ જીવનને ધન્ય બનાવીએ.


**"શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ"**

નું લવાજમની રકમ ઓનલાઈન બેન્કમાં જમા કરાવી શકો છો.

**બેન્ક ખાતાની વિગત :** બેન્ક ઓફ ઈન્ડિયા, ભુજ

**IFSC Code : BKID0003800**

**ખાતાનું નામ :** ''શ્રી સ્વામિનારાયણ મંદિર ટ્રસ્ટ''

**ખાતા નં. :** ૩૮૦૦૧૦૧૦૦૦૦૭૮૨૮

**નોંધ :** નાણા ભર્યા બાદ બેન્ક સ્લીપની ઝેરોક્ષ અને નાણા ભર્યા અંગેની વિગત કાર્યાલયને મોકલવી.

# ભજન-ભક્તિમાં ભવાઈ ન શોભે..!

- હિંમ્મતભાઈ ઠક્કર - 'રઘુવંશી'

**શિક્ષાપત્રી શ્લોક : ૩૫**

**अपमानो न कर्तव्यो गुरुणां च वरीयसाम् ।**

**लोके प्रतिष्ठितानां च विदुषां शस्त्रधारीणाम् ॥**

"મારા આશ્રિત હોય તેમણે, ગુરુઓનું અપમાન કરવું નહિ, તથા જે અતિશય શ્રેષ્ઠ મનુષ્ય હોય તથા લોકને વિષે પ્રતિષ્ઠિત મનુષ્ય હોય તથા જે વિદ્વાન મનુષ્યો હોય અને જે શસ્ત્રધારી મનુષ્ય હોય, તે સર્વેનું અપમાન કરવું નહિ."

શતાનંદ સ્વામી શિક્ષાપત્રીમાં સમજણ આપતાં જણાવે છે કે પુરુષોના નવ ગુરુઓ છે. આચાર્ય, પિતા, મોટાભાઈ, માતા, રાજા, નાના-નાની, દાદા-દાદી, સર્વશ્રેષ્ઠ મામા-કાકા, રક્ષક બધાનું માન સન્માન જાળવવું, અપમાન ક્યારેય પણ ન કરવું. અતિ સરળ ભાષામાં, "નમ્યા તે સૌને ગમ્યા."

પ્રખ્યાત ગુણોવાળા સાધુઓ, લોકમાં પ્રતિષ્ઠિત ધનવાન, વેદ તથા શાસ્ત્રોમાં પારંગત સર્વેનું સન્માન કરતા રહો.

ઋષિ મનુની 'મનુ સ્મૃતિ'ની પણ નોંધ લેવા જેવી છે. મનુ ઋષિ પ્રબોધે છે કે ક્ષત્રિય, સર્પ, વેદ-વેદાંતના જ્ઞાતા વિદ્વાન બ્રાહ્મણ તેમની છેડતી અને અપમાન ન કરવા સૌને સાવધાન કરે છે. તેમનું માન, સત્કાર ન કરી શકાય તો વાંધો નહિ પરંતુ અપમાન તો ન જ કરો. તેમની આવભગત કરવી, વિવેકથી બેસાડવા અને ખાણી-પીણીનું પૂછવું.

શ્રીભાગવત પુરાણ પ્રબોધે છે કે કોઈનું આપણા થકી કરેલું અપમાન આપણું જ ધન, ઐશ્વર્ય, આયુષ્ય અને યશનો નાશ કરે જ છે.

સ્કંદ પુરાણ પણ પોકારે છે, પવિત્ર, મહાન ભક્તોની અવજ્ઞા, અપમાન આપણી સંપત્તિ અને આયુષ્યનું હરણ કરે છે.

આજે વિજ્ઞાન યુગમાં Eat-Drink -Be Merry, ખાઓ, પીઓ - મજા કરો વાળી વિચારસરણી વાળા લોકો અહંકેન્દ્રી બનતાં સમાજમાં સ્પર્ધાત્મક પરિસ્થિતિ સર્જાય છે જેથી નમ્રતા, વિવેક, સમભાવ, લાગણી અને પ્રેમના અભાવે હુંસાતુંસી, અવિવેક, તોછડાઈ, ધિક્કાર, બીજાને પાડીને પણ પંડને આગળ લઈ જવાની વૃત્તિવાળાઓને આ શ્લોક વાંચવો ને વિચારી આચરવા જેવો છે જ.

કવિઓ પણ કાવ્ય-કણિકાના ટહુકા કરી જતા સંભળાય છે -

"અન્યનું સન્માન કરવામાં,
આપણું જ બહુમાન થાય છે;
મીઠી વાણી, મધુર વ્યવહાર,
સંસ્કારીતાનો શણગાર છે."

યાદ કરીએ ઓલ્યા પુરાણના હિરણ્યકશિપુ અને તેના બાલભક્ત પુત્ર પ્રહ્લાદજીને. પ્રભુ પ્રેમ અને ભગવાન નારાયણના પ્રેમમાં પાગલ પ્રહ્લાદજીને તેનાં જ રાક્ષસી વૃત્તિવાળા પિતાએ અનેક વાર હડધૂત કરી જાનથી મારવાના પ્રયત્ન કરતાં નાનકડા બાલ ભક્તની રક્ષાકાજે ભગવાનને નૃસિંહાવતાર ધારણ કરવો પડેલ.

આજે કલિયુગમાં પરીક્ષામાં નિષ્ફળતા, પ્રેમમાં વિફલતા, નોકરી માટે જાકારો વ્યક્તિ માટે તનાવ સર્જે છે. અને દીક્ષા વિહિન, સત્સંગના અભાવવાળી નવી ઉગતિ પેઢી કે ક્યાંક મોટેરાં પણ ભાગેડુ બની ડીપ્રેશનમાં વિચાર વિહિન બની ઘર છોડી ભાગી જનારા આત્મહત્યા કરનારા ભાઈ-બહેન કે માવિત્રોને પણ મારી નાખનારા બનતા જાય છે.

આજના ડેડલી - ડીસીરો - મારક રોગોને માટે તોતિંગ હોસ્પિટલો, સર્જન ડોક્ટરો અને રોગીને ભિખારી બનાવનારી સારવારની તો બોલબાલા છે પણ મન, બુદ્ધિ, ચિત્ત, અહંકારથી જન્મતા મહાભયાનક રોગો માટે તો ષડ્શાસ્ત્રો જ અને સહજાનંદ સ્વામીનો બોધ જ એક માત્ર ઈલાજ છે.

તેથી આ હળાહળ કલિયુગમાં શ્રીહરિએ

પ્રબોધ્યું જ છે કે ગમે તે સમયે, મને કમને, ભાવે કુભાવે ષડાક્ષરી મંત્રનો અખંડ જાપ જીવને શાતા આપી અંતિમ કુકર્મોથી બચાવે છે તેથી તેમની હાકલને તો સાંભળીએ !

"હે સત્સંગી ! સંસારથી તું ના ભાગ;
પણ સત્સંગનું કવચ પહેરીને જાગ.
હું કરું, હું કરું એ મનોવૃત્તિને ત્યાગ;
તો જ તારી ઉગતી પેઢીને મળે સાચો માર્ગ."

ભારતીય સંસ્કૃતિના અપૌરુષેય વેદો, માનવજીવનની મનોશારીરિક સમજણ આપી માર્ગદર્શન કરતા પુરાણો, શ્રી ભાગવતજી, શ્રીગીતાજી, શ્રૃતિ, સ્મૃતિઓ, બ્રાહ્મણ ગ્રંથો અને મનુસ્મૃતિ આપણી પાસે બધું જ છે તો ખૂટે શું છે ? શા માટે આજના સુખી માનવને સંસાર અસાર લાગે છે ? વિચારો ! શું આપણે આપણી જ દિવ્ય સંસ્કૃતિના અનુયાયીઓ છીએ કે પછી પશ્ચિમી સંસ્કૃતિના ગુલામ...?

માનવ તેની અપેક્ષાઓ, આકાંક્ષાઓ, તમન્નાઓને તૃપ્ત કરવા, તન-મન-ધનથી બળવાન બનવા તેની જ કોઈ કલ્પિત અજ્ઞાત ભ્રમણાઓ પાછળ અંધાધૂંધ દોડતો જાય છે..... દોડતો જ જાય છે અને પરિણામે સ્વનું રક્ષણ ન કરતાં પોતાનું જ કલ્યાણ વિસરી જાય છે. અને જ્યારે તેને કોઈ મરણતોલ ફટલે પડે કે ઊલગુલાંટી ખાઈ જાય, ત્યારે કાંઈક સફાળો જાગે છે પરંતુ ત્યારે અતિમોળું થઈ ગયું હોઈ તે ખુદ પત્તાના મહેલની જેમ કડડડભુસ બની જાય છ..!

જો સત્સંગી શિક્ષાપત્રીની, વચનામૃતોની આજ્ઞાઓ પ્રમાણે તેમની જીવન નૌકા હંકારે તો ભવજળ પોતે તરી તો જાય જ સાથે સાથે તેના પછીની આવનારી અનેક પેઢીઓને પણ તરી જવાનો માર્ગ મોકળો કરતો જાય.

તેથી -

"હે સત્સંગી ! વિવેકી મિજાજ રાખી,
બની જા શ્રીહરિનો પરમ અંગતસંગી.
એ ભગવાનના આપણે જ સાકાર,
બનીએ કર્મઠ, મૂર્તિમંત આત્મસંગી..!"

# સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી

– મહાદેવભાઈ ધોરિયાણી, રાજકોટ

ગુજરાત રાજ્યના ઈડર પાસેના ભીલોડા તાબાના 'ટોડલા' ગામે સંવત્ ૧૮૩૭ના મહાસુદ આઠમને સોમવારે જન્મ થયો હતો. તેમનું પૂર્વાશ્રમનું નામ 'ખુશાલ' હતું. પિતા મોતીરામ પરમ પવિત્ર ઔદિચ્ય બ્રાહ્મણ હતા. માતા કુશળબા(જીવીબા) એક પતિવ્રતા સ્ત્રી હતા. આ દંપતીને ત્યાં એક તેજસ્વી નેત્રવાળા અને ભાલાની અણી જેવા અણીદાર નાસિકાવાળા પ્રભાવશાળી પુત્રનો પ્રાદુર્ભાવ થયો હતો. સહજાનંદ સ્વામી પ્રગટ થયા તેના બે માસ પહેલાં જ તેમનો જન્મ થયો હતો તેથી કહેવાય છે કે, -

"પ્રભુ સાથે પ્રગટ્યા,
ભક્ત નામે ખુશાલ."

તીવ્ર બુદ્ધિવાળા ખુશાલે પિતા પાસે ઊંડો અભ્યાસ કર્યો. આઠમાં વર્ષે યજ્ઞોપવિત આપવામાં આવી હતી. તેમણે 'શેહેડાઈ' ગામમાં જઈ વિદ્યાભ્યાસ શરૂ કર્યો અને થોડા જ સમયમાં ચારેય વેદ, ષટશાસ્ત્ર, અઢાર પુરાણ તેમજ અન્ય શાસ્ત્રોમાં પારંગત થયા. તેમણે અષ્ટાંગ યોગ બાલ્યાવસ્થાથી જ સિદ્ધ કરી લીધો હતો.

તેમણે વાડાશિનોરના 'કાશીરામ' અને 'મુરલીધર' નામના બે ગૃહસ્થો પાસેથી સહજાનંદ સ્વામી પ્રગટ થયા છે એવી વાત સાંભળેલી. ત્યારથી તેમનાં દર્શન માટે અતિ ઉત્સુક હતા. ડભાણ મુકામે બિરાજતા સહજાનંદ સ્વામીના દર્શન કરવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું. પ્રથમ દૃષ્ટિએ જ તેમની વૃત્તિ પ્રભુમાં જોડાઈ ગઈ. શ્રીજી મહારાજની છબી તેમના અંતરમાં અંકાઈ ગઈ હતી.

ટોડલાની નિશાળમાં તેઓ શિક્ષક તરીકે જોડાયા હતા. બાળકોને બ્રહ્મવિદ્યા પણ શીખવતા હતા. તેઓ પોતે સમાધિનિષ્ઠ હતા, બાળકોને પણ સમાધિ કરાવતા

હતા. સમાધિ એ અત્યંત દુર્લભ સિદ્ધિ છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન અને ધારણા પછી સમાધિ તો કોઈકને જ શક્ય બને ! તેને આઠમો યોગ કહે છે.

શ્રીસહજાનંદ સ્વામીએ શરૂઆતમાં સમાધિ પ્રકરણ ચલાવ્યું હતું. તેમના દર્શન માત્રથી હજારો માણસોને સમાધિ થઈ જતી હતી.

"સહજે સહજે થાય છે સમાધ્ય,
જે કોઈ દેવને છે જો દુરાધ્ય;
પછી ચલાવ્યું એજ પ્રકરણ,
થાય સમાધિ હોય સ્મરણ."

ગોપાળાનંદ સ્વામીમાં પણ આવું ઐશ્વર્ય હતું. તેમનો તત્કાલીન સમાજમાં આવો પ્રભાવ જોઈ લોકો તેમને ચમત્કારિક પુરુષ તરીકે માનવા લાગ્યા.

આટલું બધુ મહાન ઐશ્વર્ય તેમનામાં હતું. સંકલ્પ સિદ્ધિ હતી. તેઓ ભગવાન તરીકે પૂજાય તેમ હતા છતાં પણ તેમનું ચિત્ત તો સહજાનંદ સ્વામીમાં નિમગ્ન રહેતું અને તેમનાં જ દર્શન માટે અહોનિશ આતુર રહેતું.

આ અરસામાં એક અજાણ્યો બ્રાહ્મણ ટોડલા મુકામે આવ્યો. વાતચીત દરમિયાન જાણવા મળ્યું કે તે કાઠિયાવાડ તરફ જવાનો હતો. તેમને સંગાથ મળી ગયો ! તેમનું લગ્ન 'કુશળ' નામની સુશીલ કન્યા સાથે થયું હતું. લગ્નબાદ તેમનું નામ 'આદિતબા' રાખવામાં આવ્યું હતું. તેમણે પોતાના ઘરબાર, કુટુંબ, માલ-મિલકત, પત્ની તથા બે બાળકો વગેરેમાં વાસના રાખ્યા વિના તે સર્વસ્વનો ત્યાગ કરી સ્વામી સહજાનંદનાં મહાન કાર્યોમાં સાથ આપવા માટે પોતે તે બ્રાહ્મણ સાથે ચાલી નીકળ્યા. આશ્ચર્યની વાત તો એ છે કે, જેતલપુર સુધી આ 'આગંતુક બ્રાહ્મણ' સાથે હતો પણ પછી તે જણાયો નહિ!!

સહજાનંદ સ્વામીનો મેળાપ થતાં જ ખુશાલ ભટ્ટનું હૃદય પુલકિત બન્યું. તેમણે ખૂબ જ શાંતિ અનુભવી. થોડો સમય શ્વેત વસ્ત્રો પરિધાન કરીને પાર્ષદ તરીકે સત્સંગના મોટા કાર્યો કરવા માંડ્યાં. ત્યારબાદ મહારાજે તેમને ભાગવતી દીક્ષા આપી 'ગોપાળાનંદ સ્વામી' એવું નામ રાખ્યું.

તેમની જ્ઞાનની વાતો અભણને પણ સાચી સમજ આપી ભગવાન ભજવા પ્રેરતી હતી. 'ગોપાળાનંદ સ્વામીની વાતો' એ શીર્ષક હેઠળ પ્રસિદ્ધ થયેલી વાતો આજે પણ સત્સંગમાં પ્રેરણાદાયી છે.

તેમણે ઉપનિષદો ઉપર ભાષ્ય, વેદસ્તુતિ તથા શ્રીમદ્ ભાગવત ઉપર ભક્ત રંજન ટીકા વગેરે અનેક ગ્રંથોની રચના કરી ધાર્મિક સાહિત્ય અને ગુજરાતી સાહિત્યની અપૂર્વ સેવા કરી છે.

તેઓ અમદાવાદ અને વડતાલ બંને દેશમાં સન્માન્ય સંતવર્ય હતા. બંને દેશના 'મધ્યસ્થી' અને સત્સંગમાં 'મોટેરા' તરીકે સૌ તેમના તરફ પૂજ્યભાવ રાખતા હતા.

# લોયાનાં શાંતાબા

મહારાજ સાથે સખા ભક્તિથી બંધાયેલા સુરા ખાચર કે જે નાગકડા અને લોયા, બંને ગામોના દરબાર હતા. આ આખ્યાન તેમના શાંતાબાનું છે. સુરા ખાચરનો પરિવાર વિ.સં.૧૮૬૪ની સાલમાં મહારાજનો આશ્રિત થયેલો. શાંતાબા નામ પ્રમાણે જ અતિ શાંત સ્વભાવ ધરાવતા હતા. તેમનો વ્યવહાર સંતો, સત્સંગીઓ, ગરીબ, અભ્યાગત સાથે હેતાળ મા જેવો હતો. સામાન્યપણે મનુષ્ય જમવામાં આનંદ માણતો હોય છે. શાંતાબાને અન્યોને જમાડવામાં વિશેષ આનંદ આવતો. સૌને હરખભેર જમાડતા. સુરા ખાચરનો બોલ હેઠો પડવા ન દેતા. સત્સંગ સેવા કરવામાં ક્યારેય આળસ ન દાખવતા, સત્સંગ સેવા એમનું જીવન બની ગયું હતું. એમને ત્યાં કોઈપણ આવે, તેને મીઠો આવકાર આપતા કે તેને હૃદયમાં શીતળતા વ્યાપી જતી. આ મીઠો આવકારો અને મીઠો રોટલો તેમની પારિવારિક પ્રતિષ્ઠામાં વધારો કર્યે રાખતો હતો.

મહારાજ તો અવારનવાર લોયા પધારતા અને દશ-પંદર દિવસ કે એકાદ માસ પણ રોકાતા, મહારાજ

હોય એટલે ઉત્સવ તો હોય જ. મહારાજ, સંતો, ભક્તોની બધા જ પ્રકારની વ્યવસ્થા શાંતાબા જાતે જ કરાવતા.

એક વખત મહારાજ સુરા ખાચરના આમંત્રણથી લોયા પધાર્યા. સાથે સંતો-ભક્તોનો સંઘ પણ હતો. સુરા ખાચર તો ઘરે જાણ કરવાનું પણ ભૂલી ગયેલા. તેમના ચહેરા પરની અકળામણને શાંત કરતાં શાંતાબાએ કહ્યું, ''તમે મહારાજ પાસે રહો. હમણાં થોડી વારમાં જ સઘળી વ્યવસ્થા થઈ જશે.'' અને સાવ ઓછા સમયમાં જ ઉતારા તથા ભોજનની વ્યવસ્થા થયેલી જોઈને મહારાજ તો પૂછી બેઠા, ''અમે ઓચિંતાના આવ્યા છતાંય આવી સરળતાથી આ વ્યવસ્થા કેવી રીતે થઈ?''

શાંતાબા કહે, ''આ તો આપની કૃપા દૃષ્ટિનું ફળ છે. આપના રાજીપાથી અમને કોઈ મૂંઝવણ થતી જ નથી.'' શાંતાબાના હૃદયમાં મહારાજ સાથે વિચરણ કરતા સંતો, હરિભક્તો માટે ખૂબ જ હેત હતું. તેમને થતું કે મહારાજના વિચરણમાં સૌ કોઈને પોતાની રુચિ મુજબ જમવાનું તો મળતું જ ન હોય. વળી એમાં તો ભીડ જ હોય, ગમે ત્યાં રહેવાનું , ગમે ત્યારે જગ્યા છોડવાની, ગમે તે (જે મળે તે ) જમવાનું મહારાજ એક વાર સંઘ સહિત લોયા પધાર્યા. શાંતાબાએ શ્રીહરિ માટેચુરમું બનાવ્યું. મહારાજને થાળમાં પીરસાયું ત્યારે તેઓએ બ્રહ્મચારીને પૂછ્યું, ''કેમ, આજે બાટી નથી બનાવી ? બ્રહ્મચારીએ ના પાડતા કહ્યું કે ચુરમું તો શાંતાબહેનની ઈચ્છાથી બનાવવામાં આવ્યું છે.

ત્યાં તો શાંતાબા બોલી ઉઠ્યાં, 'આજ તો તમારે સર્વેને રસકસવાળું ભોજન જ જમવાનું છે. તમારી સાથે વિચરણ કરનારાઓને ક્યારેક તો રસયુક્ત ભોજન મળવું જોઈએ કે નહીં ? તમે રસયુક્ત નહીં જમો તો પછી બધા પ્રકારના રસ તથા સ્વાદની શી દશા થશે ? માટે તમે પણ આ જમો અને સૌને આ જ જમાડજો . '' મહારાજતો હંમેશાં ભક્તની ઈચ્છાને આધિન જ વર્તતા હોવાથી કાંઈ પણ બોલ્યા વગર જમવા લાગ્યા.

વિ.સં.૧૮૬૭ની સાલના દુષ્કાળમાં જ્યારે ધન દેતાંય અનાજ-પાણી ન મળતા ત્યારે એવા કઠણકાળમાં પણ સુરા ખાચરે પોતાના દરબારમાં ૨૦-૨૫ સંતોને પોતાને ત્યાં રાખી સેવા-સમાગમ કર્યો હતો.

દુષ્કાળ પૂરો થયા પછી વળી એક વાર શ્રીજીમહારાજ લોયા પધારીને ૨-૩ દિવસ રોકાયા. એક દિવસ સવારમાં શાંતાબાની દાસી નહોતી આવી ત્યારે મહારાજે શાંતાબાને પૂછતાં શાંતાબાએ કહ્યું, ''આજે દાસી નથી આવી તેથી ગોરસનું વલોણું જેમનું તેમ પડ્યું છે.''

મહારાજે તરત જ શાંતાબાને કહ્યું કે તેઓ સ્વયં નેતરું ખેંચવા લાગશે. આમ એક બાજુ મહારાજ અને બીજીબાજુ શાંતાબા એમ નેતરા તાણતાં છાશ બની ગઈ. માખણ તૈયાર થઈ ગયું.

શ્રીહરિ જેને ઘરે વલોણાના નેતરા તાણીને માખણ તૈયાર કરાવે એ કેવા ભાગ્યશાળી !

# પંચાળા રાસ દ્વિશતાબ્દી

**૧૯૭ વર્ષ પહેલાં થયેલ(સંવત્ ૧૮૭૭) પંચાળામાં સંતો સાથે રાસોત્સવને આગામી ૨ વર્ષમાં ૨૦૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે. આ રાસ દ્વિશતાબ્દી વર્ષના ઉપક્રમે કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળ દ્વારા ૫ વર્ષ થયાં અલગ અલગ પ્રદેશમાં રાસોત્સવ થઈ રહ્યો છે. આ વર્ષે ફાગણ વદ ૧૧ તા. ૧-૪-૨૦૧૯ના રોજ સાંજે ૮:૦૦ કલાકે ભુજ મંદિર સંચાલિત શ્રી સહજાનંદ ગુરુકુલ-માનકુવા મધ્યે મહારાસોત્સવ રાખેલ છે. આ રાસોત્સવમાં માનકુવા તથા સુખપર પ્રદેશના યુવાનો-યુવતીઓ સહભાગી થશે.**

**– યુવક મંડળ કાર્યાલય**

# ધામમાંથી પણ ભૂખ્યા પાછુ આવવું પડ્યું !!

- રસિકભાઈ રા. ગોળવિયા, સુરત

સંતોની વાતોમાં લખ્યું છે કે સંત અને ભગવાનના અર્થે જે કાંઈ વાપર્યું હોય તે ભગવાન તેને ઘણું વધારે કરીને આપે છે. શાસ્ત્રોમાં કર્ણની વાત પ્રસિદ્ધ છે કે કર્ણ ઘણું જ સોનાનું દાન આપતો પણ તેને સ્વર્ગમાં ખાવા મળ્યું ન હતું. સોનું આપ્યું તો સોનું મળે, તો સોનું થોડું ખવાય છે. આવા જ કંઈક બે ભક્તોની વાતો આપણા શાસ્ત્રોમાં લખાયેલી છે તે વાત માત્ર તે બે ભક્તો જે અમદાવાદ પાસેના બામણ ગામના ગરાશીયા નારૂજી અને માંડવી ગામના વાણીયા સુંદરજીની છે. તે મન માનતા આપણે સહુ ગૃહસ્થ હરિભક્તોને લાગું પડે છે. આપણે પણ આવું કરતા હોઈએ છીએ. જે આ બે ભક્તોની વાતો તો એક દૃષ્ટાંતરૂપ કહેવાય તેમાંથી આપણે પણ જરૂર આદર્શ લેવો જોઈએ.

આ બંને ભક્તો કહેવાય છે કે બંને ભક્તિ અને સત્સંગમાં એકાંતિક હતા(પણ લોભી હશે) એથી મહારાજ સ્વધામ પધાર્યા પછી સમાધીમાં અક્ષરધામમાં ગયેલા ત્યાં જમવાની પંક્તિમાં એક બાજુ દાદાખાચર, એક બાજુ ઝીણાભાઈ બેઠેલા. મહારાજ પીરસીને જમાડે તે વચ્ચે બેઠેલા ભક્તને પીરસે નહીં ત્યાં આવે એટલે જણસ ખલાસ જઈ જાય કે તેને પીરસ્યા વગર મહારાજ આગળ જતાં રહે. ત્યારે તે ભક્ત જમવાની લાઈનમાં બેઠા પણ બધાજ જમે તેમને મળે નહીં, તેમનું વાસણ ખાલી રહે તેથી ખેદ થાય અને એમ થાય કે અહીં અક્ષરધામમાં પણ સુખે જમવા ન મળ્યું. જોવા મળે, જમવા ન મળે. તેથી મહારાજને કરગરી કહે હે મહારાજ આમ કેમ?

ત્યારે મહારાજ કહે હે ભક્તો તમોએ તમારા જોડીદાર ભક્તો પાસે સંતો ભક્તો ભગવાનને રસોઈ અપાવી છે પણ તમોએ ક્યારેય ભગવાન કે સંતના અર્થે વાપર્યું નથી, જમાડ્યા નથી કે ધોતીયા ઓઢાડ્યા નથી માટે જમવાનું નહીં મળે. ભગુજીને બોલાવી ચોપડો બતાવ્યો. ચોપડામાં ક્યારેય ભગવના કે સંતને અર્થે થાળ કરાવ્યો જ ન હતો. બીજા ભક્તો પાસે કરાવેલી પ્રસાદી જમ્યા હતા તેથી અહીંથી (અક્ષરધામમાંથી) પાછા જાવ અને સમાધી ઉતરી એટલે પાછા આવ્યા.

પછી તો સંતોને વારંવાર રસોઈ આપે, મહારાજનો થાળ કરાવે, આચાર્યને પૂજા, અર્ચન કરી ભેટ આપે, સંતોને આચાર્યોને વસ્ત્રો ઓઢાડે, ભક્તોને પણ જમાડે. આમ પછી ધર્મને અર્થે સંતો ભક્તોને અર્થે કરી સંતો અને આચાર્ય મહારાજની કૃપા, આશીર્વાદથી દેહત્યાગ કરી અક્ષરધામમાં ગયા હતા. કહેવાનું તાત્પર્ય એ કે શ્રીજી મહારાજ અને સંતો અર્થે કાંઈ કર્યું ન હોય લોભના લીધે અને મેળવવાની આશા રાખે તો સર્વે એ સત્સંગમાં ભગવાનની, સંત-ભક્તની સેવા કરી લેવી એજ ધનનો મોટો લાભ છે.

## ધર્મ સંદેશના ગ્રાહક શુલ્ક

| | |
|---|---|
| દેશમાં | આજીવન સભ્ય રૂા. ૫૦૧/- <br> વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં | આજીવન સભ્ય રૂા. ૯૦૦૧/- <br> વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

**સત્સંગ સમાચાર તા. ૨૦ સુધીમાં મોકલવા તેની સાથે પ્રસંગોના ફોટાઓ પણ અવશ્ય મોકલાવશો.**

# ગર્વગંજન ભગવાન

- રમણીકભાઈ ગોર, ભુજ

મિત્રો ! આજે આપણે દૃષ્ટાંત વાર્તાએ કરીને આપણા જીવનમાં માન-અભિમાનરૂપી છુપા અહંકારને દૂર કરીને ભગવાનની આજ્ઞા પ્રમાણે માનવ જીવન સાર્થક કરીએ. આ દૃષ્ટાંત વાર્તામાં જે સત્પુરુષોની વાત આવે તે માત્ર દૃષ્ટાંત પૂર્તિ સમજવામાટે છે. કારણકે, મોટા પુરુષોમાં દુર્ગુણ હોતા નથી પણ આપણા જેવા જીવના કલ્યાણને અર્થે ભક્તવત્સલ ભગવાન મોટા પુરુષોને પ્રેરણા કરીને દૃષ્ટાંત દ્વારા આપણા જેવા જીવને સત્માર્ગે ચાલવા રસ્તો બતાવ્યો છે. આ લોકમાં મોટપ મળે, માન-સન્માન મળે, ઘણા બધા લોકો માને પણ તેમાંથી પડી ન જવાય તે માટે મોટા પુરુષના દૃષ્ટાંત દ્વારા આ વાર્તા આપણે આપણા જીવનમાં ઉતારીએ.

મિત્રો ! જીવનમાં દરેક સત્શાસ્ત્રો અને સત્પુરુષો આપણને કાંઈક શિખામણ આપે છે. જે જીવ જેવા હૃદયના ભાવથી ભગવાનનું સ્મરણ કરે તેવા ભાવથી ભક્ત વત્સલ ભગવાન તે જીવના સંકલ્પો પૂરા કરે છે. હરિ ક્યારે દાસના દુશ્મન નથી હોતા તે હંમેશા ભક્તના હિતકારી રહ્યા છે. જેમ આ દુન્યવી રીતભાત પ્રમાણે નાના બાળકની સંભાળ માતા-પિતા રાખે તેમ દરેક જીવાત્માની સંભાળ ભગવાન રાખે છે. ભગવાન પોતાના ભક્તને હિતકારી હોય તે દુન્યવી રીતે દેખાય એવું થોડું દુઃખ આપીને આગળ ઘણું સુખ આપે છે. આ દૃષ્ટાંત વાર્તાએ કરીને આપણે ભગવાનમાં દૃઢ પ્રીતિ થાય અને ક્ષણે ક્ષણે ભગવાન આપણી સાથે છે એવો દૃઢ વિશ્વાસ કેળવીએ.

મિત્રો ! ભગવાન શ્રીહરિએ દ્વાપરયુગમાં કૃષ્ણ અવતાર ધારણ કર્યો. અનેક જીવાત્માને મોક્ષગતિ આપી અને દ્વારિકામાં અષ્ટપટરાણીઓ સાથે રહેલા છે. ત્યારે ભગવાનની લીલાને જાણતા હોવા છતાં આપણા જેવા જીવાત્માને મોક્ષમાર્ગ બતાવવા ભગવાનની સેવામાં અખંડ રહેલા માતા સત્યભામાજી, ગરુડજી અને સુદર્શન ચક્ર જે ભગવાનની મરજીને જાણનારા છે છતાં મનુષ્ય લીલાએ કરીને આપણને શીખવાડે છે.

મિત્રો ! એક વખત ભગવાન શ્રીકૃષ્ણની સેવામાં રહેલા સત્યભામાજીને રૂપનો ગર્વ થયો. ગરુડજીને પોતે ઝડપથી ઊડી શકે છે તે ગર્વ થયો અને સુદર્શન ચક્રને પોતે અપરાજિત આયુધરૂપ છે એવો ગર્વ થયો. (અહીં આપણને શીખવાડવા ભગવાન પોતાના સેવકો દ્વારા આપણને શીખવાડે છે કે કોઈપણ જાતનું અભિમાન ન કરવો.)

મિત્રો ! માતા સત્યભામાજી શ્રીકૃષ્ણને કહે છે, હે પ્રભુ, ત્રેતાયુગમાં તમે રામરૂપે પૃથ્વી ઉપર પધાર્યા ત્યારે સીતાજીનું રૂપ કેવું મારાથી સુંદર હતું ? ગરુડજીએ પણ આવીને ભગવાનને પૂછ્યું હે પ્રભુ, આ જગતમાં મારાથી ઝડપી શક્તિએ કોઈ ઊડી શકે ખરું ? અને સુદર્શન ચક્ર ભગવાનને કહે છે, હે પ્રભુ દરેક વખતે યુધ્ધમાં મેં તમારા સાથે રહીને હંમેશા જીત મેળવી છે તો મારાથી શક્તિશાળી કોઈ આયુધ આ

જગતમાં નહિ હોય.

અંતર્યામી ભગવાને આ જાણ્યું કે ઘરમાં ગર્વ પેઠો તે કોઈને કહેવાથી નહિ સમજાય પણ એમને બતાવીને ગર્વ દૂર કરવો. એટલે ભગવાન શ્રીકૃષ્ણે બધાનો ગર્વ દૂર કરવા યુક્તિ કરી અને હનુમાનજી દ્વારા આ બધાનો ગર્વ દૂર કરવાનો વિચાર કર્યો. એટલે ભગવાન શ્રીકૃષ્ણે ગરુડજીને આજ્ઞા કરી કે, તમે હનુમાનજી પાસે જાવ અને એમને કહો કે, ભગવાન શ્રીરામ દ્વારિકામાં તમને યાદ કરે છે માટે પધારો. સુદર્શન ચક્રને આજ્ઞા કરી કે, તમે મહેલના દ્વાર પર રહો અને મારી આજ્ઞા વિના કોઈને પણ અંદર આવવા દેશો નહિં. અને સત્યભામાજીને કહ્યું કે, તમે સીતાજીનું રૂપ ધારણ કરજો હનુમાનજી દર્શન કરવા પધારવાના છે. આમ ભગવાનની આજ્ઞા થતાં ગરુડજી પહોંચ્યા હનુમાનજી પાસે અને પ્રણામ કરીને કહ્યું, હે પવનસુત હનુમાનજી ભગવાન શ્રીરામે તમને યાદ કર્યા છે અને તમને બોલાવ્યા છે. શરીરે વૃધ્ધ દેખાતા પણ સ્વામીની સેવામાં સદાય તત્પર રહેલા હનુમાનજીએ ગરુડજીને આદરસહિત કહ્યું કે તમે પધારો, હું આવું છું. એટલે ગરુડજી મનમાં વિચારે છે કે, આ વૃધ્ધ વાનર મારી ઉડવાની ઝડપને જાણતા નથી અને કહે છે કે, તમે પધારો. ત્યારે ગરુડજી હનુમાનજીને કહે છે કે, તમે શરીરે વૃધ્ધ થયા છો, તો આવવામાં તમને સમય લાગશે તો તમે ચાલો મારી પીઠ ઉપર બેસી જાવ. ત્યારે સ્વામી સેવકના ભેદના જાણનાર હનુમાનજીએ વિચાર્યુ કે, મારા સ્વામીની સેવામાં રહેલા ગરુડજીની પીઠ ઉપર મારા સ્વામી જ બેસી શકે મારાથી ન બેસાય. એટલે ગરુડજીને કહ્યું તમે પધારો હું આવું જ છું. એટલે ગરુડજી ત્યાંથી દ્વારિકા આવવા રવાના થયા. આ બાજુ હનુમાનજી દ્વારિકાના દરવાજે આવી ગયેલા ત્યાં તેમને સુદર્શન ચક્રે અંદર જતા રોક્યા, ત્યારે કહ્યું ભગવાનની આજ્ઞા છે માટે હું આવ્યો છું તો તમે મને ભગવાનના દર્શન કરવા જવા દ્યો. પણ ચક્રે હનુમાનજીને રોક્યા ત્યારે હનુમાનજીએ ચક્રને પકડીને પોતાના મુખમાં પધરાવી દીધા. અને ભગવાન પાસે આવીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને કહ્યું પ્રભુ સેવકને માટે શી આજ્ઞા છે? ત્યાં તો ગરુડજી આવ્યા અને ભગવાનની સમીપે હનુમાનજીને દીઠા અને મનમાં વિચાર્યું કે, આ વૃધ્ધ વાનર મારાથી પહેલા આવીને ભગવાનની પાસે ? કઈ રીતે અહીં આવ્યા ? અને આવીને ભગવાન પાસે બેઠા. ત્યાં ભગવાને હનુમાનજીને કુશળ સમાચાર પૂછ્યા અને કહ્યું કે, તમને અંદર આવતા કોઈએ રોક્યા નહીં ? ત્યારે હનુમાનજીએ પોતાના મુખમાં રહેલા સુદર્શન ચક્રને બહાર કાઢીને ભગવાન સમીપે મૂક્યા. પ્રભુ આ રહ્યા તમારા સેવક, તમારા દર્શન કરવા મને રોક્યા. અને હા પ્રભુ, માતા સીતાજી ક્યાં ? દેખાતા નથી ? અને માતાજીના સ્થાને તમે કયા સેવકને બેસાડ્યા ? ત્યારે ભગવાન મનમાં હસ્યા અને કહે છે, હનુમાનજી ! આ તો આપણા ઘરમાં ગર્વરૂપી ચોર પેસી ગયો હતો તેને કાઢવા તમને બોલાવ્યા છે. આ સાંભળીને સત્યભામાજી, ગરુડજી અને સુદર્શન ચક્ર આ બધાનો ગર્વ એટલે કે અભિમાન દૂર થયો.

માટે મિત્રો ! આપણે પણ ક્યારે કોઈપણ જાતનો ગર્વ ન કરવો અને ભગવાનની આજ્ઞામાં રહીને ભગવાનને રાજી કરી લેવા.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

## શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહાયજ્ઞ મહોત્સવ ઉપક્રમે

# વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ

## તા. ૨૬ થી ૩૦ નવેમ્બર ૨૦૧૯

શ્રીજી મહારાજ આ પૃથ્વી ઉપર પધાર્યા. અનેક મુમુક્ષુ જીવો શ્રીજીને શરણે થયા અને ૨૩૦૦ થી વધુ સંતોને દીક્ષિત કરી દેશોદેશ ગામડે ગામડે વિચરણમાં મોકલ્યા. સંતો પણ સુખ–દુ:ખ જોયા વિના ઈષ્ટદેવની આજ્ઞા મસ્તકે ચડાવી રાત દિવસ સતત દાખડો કરી આખાય ભારતદેશમાં સત્સંગની સુવાસ ફેલાવી. પાંચ નંદ સંતોએ શ્રીજી મહારાજની છેલ્લી અવસ્થાના ૯ વર્ષ દરમ્યાન જે જ્ઞાનવાર્તા કરી તેનો સંગ્રહ કર્યો અને એનું સંશોધન કરી ૨૭૩ વચનામૃતો તૈયાર કરી શ્રીહરિને સોંપ્યા અને મહારાજ ખૂબ રાજી થયા. એ વચનામૃતો ગુજરાતી ભાષાનો અજોડ જ્ઞાન સાગર ગ્રંથ છે. જે મુમુક્ષુને આ ગ્રંથ વાંચવાની ટેવ પડે એમને સમગ્ર વૈદિક ધર્મનું જ્ઞાન આ શાસ્ત્રમાંથી મળી શકે.

આ ગ્રંથની શરૂઆત સંવત્ ૧૮૭૬ માગશર સુદ ૪ થી થઈ. આ દિવસને આગામી તા. ૩૦–૯–૨૦૧૯ ના સંવત્ ૨૦૭૬ માગશર સુદ ૪ના ૨૦૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે. આ દિવ્ય અવસરને ભુજ મંદિર દ્વારા ૫ દિવસના મહોત્સવ દ્વારા ધામધૂમથી ઉજવવામાં આવશે અને તા. ૨૬–૯–૨૦૧૯ થી ૩૦–૯–૨૦૧૯ દરમ્યાન આ ઉત્સવ ઉજવાશે જેની વિશેષ માહિતી આગામી અંકોમાં મળતી રહેશે.

ખાસ આ પ્રસંગને અનુલક્ષીને દેશ–વિદેશમાં વસતા તેમજ ખાસ કરીને કચ્છના દરેક સત્સંગીઓ, સંતો, સાં.યો. બહેનો, હરિભક્ત બહેનો–યુવાનો, વડીલો ૧–૧ પારાયણ કરવી અને જ્યાં મંદિર છે અથવા જ્યાં યુવક મંડળની સત્સંગ સભા થાય છે ત્યાં આગામી ૩ માસ દરમ્યાન વચનામૃત વિશેષ રાત્રી સત્સંગ સભા અને તેજ દિવસે વચનામૃત પૂજન કરવામાં આવશે. તેમજ ઉત્સવની શરૂઆત પહેલાં જે જે સ્થળોએ શ્રીજી મહારાજનાં વચનામૃતો ગવાયા છે તે તે સ્થળોએથી કચ્છ શ્રી નરનારયણદેવ યુવક મંડળના દેશ–વિદેશમાં વસતા યુવાનો દ્વારા વચનામૃત ગ્રંથની સાયકલ રેલી નીકળી ભુજ પધારશે. આ સાથે ભુજમાં ઉત્સવની શુભ શરૂઆત થશે.

આ મહોત્સવમાં આપ આર્થિક, શારીરિક રીતે સહભાગી થવા ઈચ્છતા હો તો કોઠારમાં સંપર્ક કરી થઈ શકો છો.

– કોઠારી સ્વામી

|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ || || શ્રી નરનારાયણાય નમઃ ||

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર આયોજીત

# સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ એવં નારાયણ યજ્ઞ મહોત્સવનું આયોજન

| | |
|---|---|
| **પોથીયાત્રા** | : સં. ૨૦૭૫, ચૈત્ર સુદ ૭, શુક્રવાર, તા. ૧૨-૪-૨૦૧૯, સાંજે ૪:૦૦ વાગ્યે |
| **કથા પ્રારંભ** | : સં. ૨૦૭૫, ચૈત્ર સુદ ૮, શનિવાર, તા. ૧૩-૪-૨૦૧૯ |
| **રામ જન્મોત્સવ** | : સં. ૨૦૭૫, ચૈત્ર સુદ ૯ (રામ નવમી), રવિવાર, તા. ૧૪-૪-૨૦૧૯ |
| **કૃષ્ણ જન્મોત્સવ** | : સં. ૨૦૭૫, ચૈત્ર સુદ ૧૦, સોમવાર, તા. ૧૫-૪-૨૦૧૯ |
| **રૂક્ષ્મણી વિવાહ** | : સં. ૨૦૭૫, ચૈત્ર સુદ ૧૪, ગુરુવાર, તા. ૧૮-૪-૨૦૧૯ |
| **કથા વિરામ** | : સં. ૨૦૭૫, ચૈત્ર સુદ ૧૫, શુક્રવાર, તા. ૧૯-૪-૨૦૧૯ સાંજે ૭:૦૦ વાગ્યે |
| **નારાયણ યજ્ઞ** | : સં. ૨૦૭૫, ચૈત્ર વદ ૧, શનિવાર, તા. ૨૦-૪-૨૦૧૯, સવારે ૬:૩૦ |

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજની પરમ કૃપા તથા મહંત સ્વામી સ.ગુ. પુરાણી ધર્મનંદનદાસજી આદિ બ્રહ્મનિષ્ઠ સંતોની પ્રસન્નતાર્થે આગામી તા. ૧૩–૪–૨૦૧૯ થી તા. ૧૯–૪–૨૦૧૯ સુધી સમુહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે કોઈ સત્સંગી–હરિભક્ત, ધર્મપ્રેમીઓ પોતાના પિતૃઓના મોક્ષાર્થે, પ્રિય સ્વજનોની ચિરઃશાંતિ માટે, કોઈ બ્રહ્મનિષ્ઠ સંતની પુણ્યસ્મૃતિમાં પોતાના જીવના કલ્યાણાર્થે પોથી રાખવાની હોય તો ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના કોઠારમાં નામ નોંધાવી જવા.

એક પોથીના રૂા. ૨૫,૦૦૦/- પોથી યજમાનનું નામ કંકોત્રીમાં છાપવામાં આવશે.
૧ પોથી પાછળ ૨ વ્યક્તિના નામ તથા હસ્તે ૧ વ્યક્તિનું નામ છપાશે.

વિષ્ણુયાગમાં ૧ પોથી પાછળ ૧ જોડલું બેસી શકશે.

૧ પોથી યજમાનશ્રીને બે ટાઈમ ભોજનપ્રસાદ માટે ૧૦ પાસ આપવામાં આવશે. સંહિતા પાઠમાં વ્યક્તિગત પોથી ઉપર બ્રાહ્મણ નહીં હોય તેમાં ૨૧ પ્રખર બ્રાહ્મણ દ્વારા સંહિતા પાઠ વાંચવામાં આવશે.

જેના નિમિત્તે કથા હોય તે વ્યક્તિનો ફોટો તથા સુખડનો હાર લાવી શકાશે સાથે ડીશ, કળશીયો, વાટકો તથા ચમચી, નેપકીન સાથે લાવવાના રહેશે.

**કથા સ્થળ :** શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ, તીર્થધામ ભુજ-કચ્છ.
ફોન નં. ૨૫૦૨૩૧, ૨૫૦૩૩૧.

## પુલવામા આતંકી હુમલામાં શહીદ થયેલ ૪૦ શહીદોને શ્રદ્ધાંજલી



શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજમાં તા. ૧૪-૨-૨૦૧૯ના જમ્મુ-કાશ્મીર પુલવામામાં મધ્યે આતંકવાદીઓ દ્વારા થયેલ આત્મઘાતી હુમલામાં દેશના વીર જવાનોએ શહીદી વહોરી, આવા દેશના વીરગતી પામેલા શહીદોના આત્માની શાંતિ માટે તથા તેમના પરિવાર પર આવી પડેલ દુઃખની શાંતિ માટે શ્રદ્ધાંજલી સ્વરૂપે પ્રાર્થનાસભા રાખવામાં આવેલ.

શ્રી સ્વામિનારાયણ મંદિરના પ્રાંગણમાં શ્રીનરનારાયણદેવના સાંનિધ્યમાં પૂજ્ય મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી સ્વામી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતો, મહંત સાંખ્યયોગી સામબાઈ ફઈ સહિત સાંખ્યયોગી બહેનો, શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યા મંદિર તથા શ્રીકચ્છી લેવા પટેલ સંસ્કાર ધામની દીકરીઓ, શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભવનના વિદ્યાર્થીઓ તેમજ સમસ્ત હરિભક્તો દ્વારા મહામંત્રની ધૂન કરવામાં આવી. ૨ મિનિટ મૌન પાડવામાં આવ્યું તેમજ દીપ પ્રગટાવી સમૂહમાં ભગવાનની પ્રાર્થના દ્વારા શ્રદ્ધા સુમન અર્પણ કરાયાં.

વીર જવાનોને શ્રદ્ધાંજલી અર્પણ કરતાં પૂજ્ય મહંત સ્વામીએ પોતાના અંતરના અવાજથી આ ઘટના પ્રત્યે અત્યંત દુઃખની લાગણી વ્યક્ત કરી અને વીરગતિ પામેલ શહીદોના આત્માની શાંતિ તેમજ તેના પરિવાર પર આવી પડેલ આઘાતજનક દુઃખ સહન કરવાની પરમાત્મા શક્તિ આપે એવી પ્રાર્થના સાથે શહીદ પરિવારોને સહયોગ રૂપે ભુજ મંદિર દ્વારા રૂા.૧૧,૧૧,૧૧૧/- ની જાહેરાત કરવામાં આવેલ અને કચ્છ સત્સંગનાં દેશ-વિદેશનાં તમામ મંદિરોમાં તેમજ કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળની સભામાં પ્રાર્થના તથા આર્થિક સહયોગ માટે પૂજ્ય મહંત સ્વામી દ્વારા અપીલ કરવામાં આવી. આ પ્રસંગે પૂ. જાદવજી ભગત દ્વારા શ્રદ્ધાંજલી આપતાં સરહદ પરના સૈનિકોની સ્થિતિની પણ ચિંતા પ્રગટ કરવામાં આવી. તેમજ ભુજ મંદિર હરહંમેશ રાષ્ટ્ર કાજે ખભેખભા મીલાવી ઊભું રહેલું છે અને રહેશે એવો ભાવ વ્યક્ત કરાયો હતો. કોઠારી સ્વામી નારાયણમુનિદાસજીએ શાસ્ત્રોના ઉદાહરણ આપી સદ્‌ગત આત્માઓને શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી.

- કોઠારી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી

## કાશ્મીરમાં પુલવામામાં શહીદ થયેલ સૈનિકોને યુવક મંડળ દ્વારા શ્રદ્ધાંજલી



ભારતદેશનું અભિન્ન અંગ જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદી હુમલામાં દેશના વીર સૈનિકો શહીદ થયા તેમની શાંતિ માટે ભુજ મંદિર સંચાલિત કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક-યુવતી મંડળ દ્વારા સ્વામિનારાયણ મહામંત્રની ધૂન સાથે દીપ પ્રગટાવી મૌન પાળી શ્રદ્ધા સુમન અર્પણ કરવામાં આવ્યા હતા. સાથે રવિવારની સાપ્તાહિક સભામાં પ્રસાદ ન વહેંચી, શહીદ પરિવાર માટે રૂા. ૧૮,૨૧૦૫૬નું ફંડ ભેગું કરી એમના સુધી પહોંચાડવામાં આવ્યું. દેશ-વિદેશમાં ચાલતી સેંકડો સભાના માધ્યમથી આ દેશ સેવાના કાર્યથી વીરગતિ પામેલા આત્માઓને શાંતિ મળે એવી શ્રીનરનારાયણદેવના ચરણમાં પ્રાર્થના.

# પ્રજાસત્તાકદિન ઉજવણી : ભુજ

શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય ભુજ ખાતે ૭૦મા પ્રજાસત્તાકદિનનું ધ્વજવંદન શ્રી સ્વામિનારાયણ વિદ્યા સંકુલ, ભુજના સંચાલક શા. સ્વામી હરિવલ્લભદાસજીના હસ્તે કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને સંબોધિત કરતાં શાળાના આચાર્યશ્રી ત્રિકમભાઈ છાંગાએ દેશના વીરોના સર્વસ્વ બલિદાન દ્વારા મહામૂલી આઝાદી મળેલ છે ત્યારે ૧૯૫૦ની ૨૬મી જાન્યુઆરીએ બંધારણ અમલી બનતાં ભારત પ્રજાસત્તાક બન્યો હતો. બલિદાન આપનાર શહીદોને યાદ કરતાં તેમણે જણાવ્યું હતું કે આપણે પણ દેશ કાજે બલિદાન આપતાં ખચકાઈએ નહીં. આ પ્રસંગે તેમણે ભૂકંપના દિવંગત આત્માઓને શ્રધ્ધાંજલિ આપી હતી. શ્રી સ્વામિનારાયણ વિદ્યા સંકુલના સંચાલક શા. સ્વામી હરિવલ્લભદાસજીએ દેશ માટે જીવ્યા, ઝઝૂમ્યા તથા લડ્યા તેવા તમામ લોકોના યોગદાનને યાદ કરી તેમની રાહ પર ચાલવા વિદ્યાર્થીઓને જણાવ્યું હતું.

ડો. સ્વામી સત્યપ્રસાદદાસજીએ વિદ્યાર્થીઓને સંબોધિત કરતાં જણાવ્યું હતું કે દેશ આપણને શું આપ્યું છે તે ન જોતાં એક દેશવાસી તરીકે આપણે દેશને શું આપ્યું તેની ગણતરી રાખીએ તે જ સાચી દેશભક્તિ કહેવાય.

કેળવણી મંડળના મંત્રીશ્રી જગદીશભાઈ વાઘાણીએ વિદ્યાર્થીઓને નાગરિક તરીકે તમામ ફરજો ધ્યાનમાં લઈ આગળ વધવું જોઈએ તેવું જણાવ્યું હતું.

આ પ્રસંગે વિદ્યાર્થીઓએ દેશભક્તિ ગીત, પિરામીડ, ગ્રુપ ડાન્સ, એક પાત્રીય અભિનય, નાટક તથા માઈમ રજૂ કરીને શ્રોતાગણને દેશભક્તિના માહોલમાં રંગી દીધા હતા.

આ પ્રસંગે વિદ્યાસંકુલના સહસંચાલક સ્વામી અક્ષરમુક્તદાસજી, શ્રી સ્વામિનારાયણ મંદિરથી પધારેલા કોઠારી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાજી, સ્વામી દિવ્યસ્વરૂપદાસજી, સ્વામી નીલકંઠસ્વરૂપદાસજી, સ્વામી લક્ષ્મીવલ્લભદાસજી, સ્વામી દેવવિહારીદાસજી, સ્વામી શ્રીજીપ્રિયદાસજી ઉપસ્થિત રહ્યા હતા.

કેળવણી મંડળના ઉપપ્રમુખશ્રી વિનોદભાઈ શિયાણી, વિદ્યાર્થી ભવનના પ્રમુખશ્રી ખીમજીભાઈ ભુડીયા, ઉપપ્રમુખ અરવિંદભાઈ પિંડોરીયા, મંત્રીશ્રી કરસનભાઈ હાલાઈ, ટ્રસ્ટીશ્રી જનકભાઈ ભટ્ટ, ટીનેશભાઈ ગોર, જાદવા બાપા, પ્રાથમિક વિભાગના આચાર્યશ્રી કમલેશભાઈ લીયા, સાયન્સ વિભાગના આચાર્યશ્રી કલ્પેશભાઈ પટેલ વિશેષ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

કાર્યક્રમનું સંચાલન શિક્ષકશ્રી હિતેશ વ્યાસે તથા આભારવિધિ કિશોરભાઈ હેડાઉ કરી હતી. કાર્યક્રમનું સંકલન શિક્ષકશ્રી દિલિપભાઈ ભટ્ટ તથા કાન્તિલાલભાઈ કોઠડીયાએ કર્યું હતું. દિનાબેન જોબનપુત્રા, ચેતનભાઈ લાખાણી, સવજીભાઈ વણકર, સહદેવસિંહ જાડેજા તથા સમગ્ર સ્ટાફ પરિવારે સહયોગ આપ્યો હતો.

- આચાર્યશ્રી

★★★★★★★★★★★★★★★

# ધાબડા વિતરણ : ભુજ મંદિર

ભગવાન શ્રી સ્વામિનારાયણ અસીમ કૃપા અને પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની પ્રેરણા અને આશીર્વાદથી આપણા ભુજ મંદિર દ્વારા જીવદયા અને માનવસેવાની અનેકવિધ પ્રવૃત્તિઓ સક્રિય રીતે કરવામાં આવે છે અને સમાજોપયોગી આવી સેવાઓ કરવામાં આવે છે.

તાજેતરમાં શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી ચેરીટેબલ એન્ડ મેડીકલ ટ્રસ્ટના ઉપક્રમે કડકડતી ઠંડીમાં ઠૂઠવાતા લોકો અને તેમના પરિવારજનોને હૂંફ મળી રહે તેવા કાર્યક્રમનું આયોજન સ્વામી ભક્તિચરણદાસજીના નેતૃત્વ હેઠળ યોજવામાં આવેલ. કચ્છના અનેક ગામો જેવાકે વાંકુ, રાપર, ગઢ, સિંધોડી, પિંગલેશ્વર, રામપર અબડા, નલીયા, વડસર, વાયોર, નાના અંગીયા, મોટા અંગીયા, કોટડા, વાગોર, વંલસરા, રવાપર, નાગલપર

આદિ ગામોમાં ગરમ ધાબડા, નાના બાળકો માટે ગરમ જાકીટ, પ્રસાદ આદિનું મોટા પાયે વિતરણ કરી માનવસેવાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે. ઉપરાંત જીવદયાની પ્રવૃત્તિ અન્વયે ગૌ માતાને નીરણ તથા પ્રસાદ ખવડાવી ગૌ સેવા કરી હતી. આ સદ્‌કાર્યમાં સ્વામી શ્રીજીપ્રિયદાસજી, સ્વામી લક્ષ્મીવલ્લભદાસજી સંતો ઉપરાંત પ.ભ. જાદવજીભાઈ નાથા (સામત્રા) પણ જોડાયા હતા અને ગરીબો તથા ગાયોની સદ્‌ભાવના મેળવી હતી. -સ્વામી ભક્તિચરણદાસજી

★★★★★★★★★★★★★★★

## ભુજ મંદિર : શિક્ષાપત્રી જયંતી : વસંત પંચમી

વસંત પંચમીનો દિવસ આપણા સંપ્રદાયમાં વિશેષ મહત્ત્વ ધરાવે છે. આ સપરમા દિવસે ભગવાન શ્રી સ્વામિનારાયણે અસીમ કૃપા કરી જીવન જીવવાની જડીબુટ્ટી સમાન ભવસાગર વિનાવિઘ્ને પાર ઉતરવાના અમૂલ્ય સિદ્ધાંતો દર્શાવતા 'શિક્ષાપત્રી' સત્ શાસ્ત્રની સ્વહસ્તે રચના કરી વિશ્વને મોટી ભેટ આપી છે.

વસંતપંચમીનો દિવસ આપણે 'શિક્ષાપત્રી જયંતી' તરીકે પણ ઉજવીએ છીએ. ઋતુઓમાં શ્રેષ્ઠ વસંતમાં સૃષ્ટિ સોળે કલાએ ખીલી ઊઠે છે અને જીવમાત્ર પ્રત્યે પ્રેમ રાખવાનો સંદેશ આપે છે, જીવનને પ્રેમમય બનાવીને જીવવાનું સૂચવે છે એજ રીતે શિક્ષાપત્રી જીવનમાં પ્રેમને ભરવા માટે કેવી રીતે જીવવું અને જીવનને સફળ તેમજ સાર્થક બનાવવા શું કરવું, શું ન કરવું તેનો બોધ આપે છે.

મહંત સ.ગુ. પુ. સ્વામી ધર્મનંદનદાસજી તેમજ વડીલ સંતોનાં આશીર્વાદથી 'શિક્ષાપત્રી જયંતી'ની ઉજવણી ધામધૂમતી કરવામાં આવી હતી. આ પાવનકારી પ્રસંગે સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત સહિત અનેક સંતો અને મોટી સંખ્યામાં હરિભક્તો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર વાતાવરણમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના જયઘોષ સાથે મંત્રો, શ્લોકો તેમજ જનમંગલ સ્તોત્રનો ધ્વનિ પવિત્રતાની અનુભૂતિ કરાવતો હતો. ભક્તિ સાથે હૈયામાં હર્ષ સાથે ઉમંગભેર શિક્ષાપત્રીનું પૂજન કરી આરતી ઉતારવામાં આવી હતી.

બહેનોના મંદિરેથી વાજતે-ગાજતે ઉત્સાહભેર આંબો લાવવામાં આવ્યો હતો. ઠાકોરજી સન્મુખ આંબાકળશનું રોપણ કરવામાં આવ્યું હતું.

- ભરતભાઈ મહેતા, ભુજ

★★★★★★★★★★★★★★★

## ત્રિ-રાત્રીય સત્સંગ સભા-ભુજ

ભગવાન શ્રી સ્વામિનારાયણ અનહદ કૃપા અને પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ. પુ. સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞા અને આશીર્વાદથી ભુજ મંદિરમાં તા. ૨,૩ અને ૪ ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ કચ્છ શ્રીનરનારાયદેવ યુવક-યુવતી મંડળ, ભુજ આયોજિત વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષ્યમાં 'ફેમિલી મેનેજમેન્ટ' (કુટુંબનું રાખશો ધ્યાન તો જીવન થશે મહાન) વિષય પર ત્રિ-રાત્રીય સત્સંગ સભાનું ખૂબ જ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

ભુજ મંદિરના સંતો સદૈવ મુમુક્ષુ હરિભક્તોની ચિંતા સેવતા હોય છે. આજના ઝડપી યુગમાં જીવનશૈલીમાં મોટો બદલાવ આવેલ છે. આજે ચારે દિશામાં એવું વાતાવરણ જોવા મળે છે કે ઈચ્છા હોવા છતાં પણ કૌટુંબિક સભ્યો અને પારિવારિક જવાબદારીઓ નિભાવવા માટે સમય નથી ફાળવી શકાતો. આ બધાનું કારણ શું છે ? તેના મૂળમાં શું છે ? આ બધી બાબતો પર પ્રકાશ પાડી પરિવાર સુખી થાય અને પરસ્પરનું સ્નેહસૂત્ર વધુ મજબૂત બને એ બાબત પર ચિંતનશીલ મનનીય પ્રવચન દ્વારા વિદ્વાન શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ વર્તમાન પરિસ્થિતિ, એ પરિસ્થિતિના પરિણામે ઉદ્‌ભવતી સમસ્યાઓએ બધી નાની-મોટી બાબતો પર દૃષ્ટાંતો સહિત વિષદ ચર્ચા કરી ઉદ્‌બોધન કર્યું હતું. આ

સમસ્યાઓ નિવારવા, દૂર કરવા અને આવી સમસ્યાઓથી બચવા શું શું કરવું અને શું શું ન કરવું તેની ઝીણવટભરી સમજ આપી લોકોપયોગી વાતો કરી જીવનને સહજ અને સરળ રીતે જીવવાનો રાહ ચીંધ્યો હતો. જીવન ઉર્ધ્વગામી બનવાના માર્ગ પર ચાલવાની પ્રેરણા આપી હતી.

આ રાત્રી શિબિરમાં મહંત સ.ગુ. પુ. સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત તથા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સંચાલક સંતોએ પ્રસંગોચિત વક્તવ્યો આપી જીવન જીવવાનો દૃષ્ટિકોણ સ્પષ્ટ કરતી વાતો કરી, જીવન સાર્થક બનાવવા શ્રીહરિ સાથે જોડાઈ રહી સદાય સત્સંગ કરતા રહી સદ્પ્રવૃત્તિઓ કરવાનો અનુરોધ કર્યો હતો.

સમગ્ર સભાનું સંચાલન સ્વામી કપિલમુનિ દાસજીએ કર્યું હતું. -યુવક મંડળ કાર્યાલય

★★★★★★★★★★★★★★★

## શ્રી સ્વામિનારાયણ મંદિર, અંજારમાં શિક્ષાપત્રી પૂજન

ભગવાન શ્રી સ્વામિનારાયણે આ ભૂમંડળમાં પધારી અનેક જીવાત્માને સાચો માર્ગ તથા આત્મ કલ્યાણની સાથે સુખી કઇ રીતે થવાય, એવી અનેક બાબતોને ધ્યાનમાં રાખી, વડતાલ ગામમાં નિવાસ કરી સમગ્ર વિશ્વનું મંગળ થાય, ભારતીય સંસ્કૃતિનું જતન થાય તેમજ ત્યાગી, ગૃહસ્થ, નાના મોટા સૌ કોઇનો આ જન્મ સફળ થાય, જીવનમાં સિધ્ધિની પ્રાપ્તિ થાય, જીવન ઘડતરનો પાયો મજબૂત થાય એવી ઉમદા ભાવનાથી સ્વામિનારાયણ ભગવાને સ્વહસ્તે ૨૧૨ શ્લોકવાળી શિક્ષાપત્રીને પ્રગટ કરી એને આજ તા. ૧૦.૦૨.૧૯ રવિવારના પાવન દિવસે ૨૯૩ વર્ષ પૂર્ણ થતાં અંજાર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ધામધૂમથી શિક્ષાપત્રીનું પૂજન ચંદન, ચોખા, ફૂલ, તુલસીપત્રથી સંતો દ્વારા વિધિવત્ પૂજન કરવામાં આવ્યું. આ પૂજનમાં અંજાર મંદિરમાં વડિલ સ.ગુ.સ્વામી પ્રભુચરણદાસજી, મહંત સ.ગુ.સ્વામી દેવપ્રકાશદાસજી, સ.ગુ.પુ.સ્વામી અક્ષરવલ્લભદાસજી, પુ. સ્વામી નંદકિશોરદાસજી, સ્વામી દેવજીવનદાસજી, સ્વામી હરિસેવકદાસજી, શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ નારાણપરના સંતો સ. ગુ. સ્વામી નારાણવલ્લભદાસજી, પુ. સ્વામી ધર્મચરણ દાસજી, આદિ સંતોની ઉપસ્થિતિમાં પૂજન કરાવ્યું હતું.

તેજ દિવસે શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ દેવ, મંદિર તથા સંત મહિમાની વાતો કરી સર્વે જીવન લક્ષ્યની વાતોથી રાજી કર્યા. કથાવાર્તા પૂર્ણ બાદ વડીલ સંતોનાં રૂડા આશીર્વાદમાં સ.ગુ. કોઠારી પાર્ષદ જાદવજી ભગતે શિક્ષાપત્રી પ્રમાણે રહેશે તો સુખી થશે. ત્યારબાદ કો. શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજીના આશીર્વાદ શ્રવણ કર્યા.

સંતોના આર્શીવચન બાદ શિક્ષાપત્રી શાસ્ત્રની ઉપર ડ્રાયફ્રૂટ તથા પુષ્પવૃષ્ટિથી અભિષેક કરી સમૂહ મહાઆરતીનો સર્વે સંતો તથા ભક્તોએ લાભ લીધો.

શિક્ષાપત્રી પૂજનના યજમાન અંજાર મહિલા મંડળના બહેનો રહ્યા હતા. તેમને પ્રેરણા પૂજ્ય મહંત સાં.યો. ત્રીવેણીબાઇ તથા આદિ સમસ્ત પૂજ્ય સાં.યો.બાઇઓની હતી. મહાઆરતીના યજમાન પત્રકાર કાંતિભાઇ પટેલ આદિ સહપરિવાર હતો.

અંતમાં, સર્વે યજમાનશ્રીઓ તેમજ પધારેલા સર્વે ભક્તોને પહેરામણી કરી અંજાર મંદિરના મહંત સ.ગુ.સ્વામી દેવપ્રકાશદાસજીએ આશીર્વાદ આપી સર્વેને અભિનંદન પાઠવ્યા હતા.

કાર્યક્રમ પૂર્ણ થતાં મંદિરના પટાંગણમાં બેસી શ્રી ઘનશ્યામ મહારાજનો મહાપ્રસાદ હરિભક્તોએ લીધો હતો.

- કો.સ્વામી હરિપ્રસાદદાસજી, અંજાર

★★★★★★★★★★★★★★★

## વીર શહીદોને શ્રધ્ધાંજલી-અંજાર

અંજાર મધ્યે બિરાજમાન સર્વાવતારી પ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજના શુભ સાંનિધ્યમાં અંજાર શ્રી સ્વામિનારાયણ મંદિરના સ. ગુ. સ્વામી પ્રભુચરણદાસજી, મહંત સ્વામી દેવપ્રકાશદાસજી, સ.ગુ. પુ. સ્વામી અક્ષરવલ્લભદાસજી, પુ. સ્વામી નંદકિશોરદાસજી, પુ. સ્વામી હરિકૃષ્ણદાસજી, સ્વામી હરિસેવકદાસજી, કો. સ્વામી હરિપ્રસાદદાસજી વગેરે મંડળના સમગ્ર સંતો આદિક સમસ્ત સંત મંડળના શુભ સંકલ્પથી આપણા શહીદ થયેલ વીર જવાનોને અર્થે ધૂન તથા મહાઆરતીનું તા. ૧૭/૦૨/૧૯ના રવિવારના આયોજન કરવામાં આવ્યું હતું. સાંજે ૫:૦૦ થી ૭:૩૦ સુધી શ્રદ્ધાંજલિમાં ધૂન, મહાઆરતી તથા પ્રાસંગિક પ્રવચન સંતો, હરિભક્તોએ કરેલ સાથે આખું વાતાવરણ દેશભક્તિમય થયું હતું.

તન મન, ધનથી પ્રસંગ ઉજવવા શહેરીજનો જોડાયા તથા સહયોગી સંતોએ કાર્યક્રમને સફળ બનાવવા કોઠારી સ્વામી હરિપ્રસાદદાસજી, શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, નારાણપરના સંતોમાં સ. ગુ. સ્વામી નારાણવલ્લભદાસજી, સ્વામી ધર્મચરણદાસજી, આદિ સંતો તથા સા.યો. ત્રિવેણીબેન આદિ સાં.યો. બહેનો તથા સર્વે હરિભક્તો તથા ટ્રસ્ટી મંડળના સર્વે સદસ્યો તથા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સભ્યોએ જહેમત ઉઠાવી હતી. સંચાલન સ્વામી ધર્મચરણદાસજીએ કરેલ. આ શુભ અનમોલ પ્રસંગને નિહાળવા અને દર્શનનો લાભ લેવા સર્વે ધર્મ પ્રેમી જનતા આમંત્રણને માન આપી બહોળી સંખ્યામાં જોડાયેલ. વિશેષમાં મહંતશ્રી ત્રીકમદાસ - સચ્ચીંદાનંદ મંદિર, કીર્તિભાઇ - રામસખી મંદિર મહંતશ્રી, રાજેશભાઇ ઠક્કર પ્રમુખશ્રી અંજાર નગરપાલિકા તથા સર્વે નગરસેવકો જોડાયેલ.

- ઠકકર મેહુલકુમાર પ્રવિણચંદ્ર, અંજાર

★★★★★★★★★★★★★★★★

## માતા-પિતા પૂજન કાર્યક્રમ-ભુજ

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, ભુજ તરફથી આવેલ પરિપત્ર અંતર્ગત ૧૪મી ફેબ્રુઆરી ૨૦૧૮ના રોજ શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર ખાતે માતા-પિતા પૂજન દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી. સાથે-સાથે ધોરણ ૧૦ તેમજ ૧૨ની દીકરીઓને પરીક્ષા તેમજ આગવી સિધ્ધિ માટે શુભેચ્છા પણ આપવામાં આવેલ હતી.

આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખશ્રી રત્નાભાઈ કેરાઈ, ઉપપ્રમુખશ્રી પ્રવિણભાઈ પિંડોરીયા, મંત્રીશ્રી લક્ષ્મણભાઈ શિયાણી, ટ્રસ્ટીશ્રીઓ, મુખ્ય અતિથિ તરીકે D.E.O. ઓફિસ વતી E.I. વાઘેલા સાહેબશ્રી, શાળાના આચાર્યશ્રી, ગૃહમાતાશ્રી, શિક્ષિકાગણ, વાલીઓ તેમજ દીકરીઓએ ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆત સવારે ૯:૩૦ કલાકે શાળાના પ્રાંગણમાં દીપ પ્રાગટ્યથી કરવામાં આવેલી. ત્યારબાદ પ્રાર્થનાના પવિત્ર શબ્દોનો ગુંજારવ થયો, અને મહેમાનોના શાબ્દિક તેમજ E.I. સાહેબનું પુસ્તક વડે સ્વાગત કરાયું. મંત્રોચ્ચાર તેમજ શાસ્ત્રોકત વૈદિક વિધિ અનુસાર દરેક દીકરીઓએ પોતાના માતા-પિતાનું પૂજન કરેલું હતું.

E.I. સાહેબશ્રી વાઘેલા સાહેબે પ્રસંગોચિત ઉદ્‌બોધન કરેલું. સાથો સાથ શાળાના ટ્રસ્ટીશ્રી પ્રવિણભાઈ પિંડોરીયા તેમજ શાળાના શિક્ષિકાબહેન અને વાલી દ્વારા જીવનમાં માતા-પિતાનું અમૂલ્ય મહત્ત્વની બે વાતો રજૂ કરેલ હતી.

શાળાની દીકરીઓ દ્વારા મધુર ગીતો, માતા પિતાના મહત્ત્વનું વકતવ્ય, તેમજ ધોરણ ૧૦ અને ૧૨ની દિકરીઓને શુભેચ્છા રૂપી આશિષ વચનો રજુ કરાયાં હતાં. અંતમાં શાળાના આચાર્યશ્રી દક્ષાબહેન પિંડોરીયા દ્વારા આભારવિધિ કરાઈ કાર્યક્રમ પૂર્ણ કરાયો હતો.

★★★★★★★★★★★★★★★★

## સત્સંગ સભા : નિંગાળ

અનંટકોટી બ્રહ્માંડના અધિપતિ રાજાધિરાજ પરમાત્મા ભુજ નગર નિવાસી શ્રીનરનારાયણદેવની અસીમ કૃપા તથા મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞા અને આશીર્વાદથી નિંગાળ મધ્યે તા. ૨૭-૧-૨૦૧૯ના રોજ બપોરપછી ૪ થી ૬ વાગ્યા સુધી સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ભુજ તેમજ અંજાર મંદિરથી બ્રહ્મનિષ્ઠ સંતો પધાર્યા હતાં. સ.ગુ. સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, સ.ગુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સ.ગુ. સ્વામી શાંતિપ્રિય દાસજી, સ.ગુ. સ્વામી મહાપુરુષદાસજી, સ.ગુ. સ્વામી કેશવપ્રિયદાસજી, સંગીતકાર સ્વામી શ્રીજીનંદનદાસજી, અંજાર મંદિરના મહંત સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી તેમજ તેમના મંડળના સંતો પધાર્યા હતા. સાં.યો. બહેનો પણ જુદા જુદા ગામોથી પધાર્યા હતાં.

માંડવી વિસ્તારના (ગોધરા), ભુજથી કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળના યુવાનો તેમજ યુવતીઓ, ગાંધીધામ, ધાણેટી, નિંગાળના સર્વે હરિભક્તો બાળકો, વૃદ્ધો કથાવાર્તાનો લાભ લેવા માટે પધાર્યા હતાં. તેમજ જુદા જુદા સંતોના આશીર્વચનનો પણ લાભ મળ્યો હતો. યુવક મંડળના યુવાનો પણ સત્સંગનો પરિચય આપ્યો હતો. સૌ ભક્તોએ આનંદ વ્યક્ત કર્યો હતો. મહાપ્રસાદના યજમાન મુકેશભાઈ, પ્રકાશભાઈ ને અજુભાઈ સાથે મળી મહાપ્રસાદનું આયોજન કર્યું હતું. પુરાણી સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીએ સંતો અને હરિભક્તોનું ફૂલહાર તોરાથી સન્માન્યા અને આભારવિધિ વાલજીભાઈ દુધા આહિરે કરી હતી.

- પ્રમુખ ધનજીભાઈ આહિર, નિંગાળ

★★★★★★★★★★★★★★

## વાર્ષિક પાટોત્સવ : નડિયાદ

શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ દ્વારા દર વર્ષે ભારતવર્ષની સત્સંગ યાત્રા તેમજ ભારતના ખૂણે ખૂણે વસવાટ કરતાં કચ્છ પ્રાંતના નાના-મોટા દરેક સત્સંગીની સાર સંભાળ લેવા તેમજ સત્સંગના પોષણ માટે આ વર્ષે પધારેલ સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજીના મંડળના સંતોની નડિયાદ મુકામે તા. ૨૪-૧-૨૦૧૯ના રોજ પધરામણી થઈ હતી. અને નડિયાદ સ્થિત કચ્છ પ્રાંતના દરેક હરિભક્તોના ઘરે ઘરે હરિકૃષ્ણ મહારાજ અને સંતોની પધરામણી કરી હતી. તેમજ દરરોજ સાંજે કથાનું આયોજન કરવામાં આવ્યું હતું.

નડિયાદ મુકામ સ્થિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભવન(મંજીપુરા)ને ત્રણ વર્ષ પૂર્ણ થતાં હોઈ તૃતીય વાર્ષિક પાટોત્સવનું આયોજન તેમજ ઉત્સવ માટે નડિયાદ પધારેલા યાત્રાળુ સંતો સ્વામી સંતજીવનદાસજી, પુરાણી સ્વામી ભક્તવત્સલદાસજી વગેરે તેમજ ભુજ ધામથી સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજી તથા સ્વામી ત્યાગવલ્લભદાસજી આદિ સંતોની ઉપસ્થિતિમાં તેમજ તેમના માર્ગદર્શન હેઠળ તૃતીય વાર્ષિક પાટોત્સવ તેમજ ભવ્ય શાકોત્સવની ઉજવણી સંતો તેમજ હરિભક્તો સાથે મળીને ધામધૂમથી કરવામાં આવેલ.

શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભવન(મંજીપુરા) નડિયાદના તૃતીય વાર્ષિક પાટોત્સવ તેમજ શાકોત્સવના યજમાનપદે પ.ભ. પરષોત્તમભાઈ હરજીભાઈ વાસાણી પરિવારે આ સેવાનો લાભ લીધો હતો.

★★★★★★★★★★★★★★

## ૧૬ મો વાર્ષિકોત્સવ
## શ્રીસહજાનંદ ગુરૂકુળ માનકુવા

શ્રીસહજાનંદ ગુરૂકુળ સંચાલિત શ્રી પુરૂષોત્તમ વિદ્યાલય એવમ્ એસ. એસ. જી. એમ. ગુજરાતી માધ્યમ તથા અંગ્રેજી માધ્યમ સ્કુલના સંયુક્ત ઉપક્રમે ૧૬ મા વાર્ષિકોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

સૌપ્રથમ ગુરૂકુળના સંચાલક સંતો તથા ટ્રસ્ટીઓ

દ્વારા કાર્યક્રમનું દીપ-પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. સ્વામિનારાયણ નામના જયઘોષ સાથે કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ આમંત્રિત મહેમાનોના સ્વાગત માટે સ્વાગત ગીતની રજુઆત થઇ હતી. અંગ્રેજી મિડિયમના કે.જી. થી ધો. ૪ ના બાળકો દ્વારા દેશભક્તિના ગીતથી સૌને રસતરબોળ કરાયા. ધો. ૫ થી ૧૦ ના વિદ્યાર્થીઓએ વિવિધ કૃતિઓમાં ભાગ લીધો હતો. અને ગુજરાતી માધ્યમના ધો. ૬ થી ૧૨ ના વિદ્યાર્થીઓએ ખૂબ જ સારી મહેનત કરી હતી. સામાજીક, ધાર્મિક અને દેશપ્રેમ જગાડે એવા અતિ સુંદર કાર્યક્રમ સાથે નંદ સંતો રચિત કીર્તન ભક્તિગીત પર ભાવ સાથે નૃત્ય કરી ભક્તોને મંત્રમુગ્ધ કર્યા હતા.

શાળાના શિક્ષક શ્રી હિતેશગિરી ગોસ્વામીએ બેઉ માધ્યમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સિદ્ધિઓનું વર્ણન કર્યું જેમાં રમત-ગમત ક્ષેત્રે નેશનલ કક્ષાએ ફૂટબોલમાં સિલેકશન થનારા વિદ્યાર્થીઓનું સન્માન કરાયું. બંને શાળાના પ્રિન્સિપાલ શ્રી ડો. ચિંતન આર્યએ વાલી પ્રત્યે ઉદબોધન કરતાં જણાવ્યું કે સર્વાંગી વિકાસ અને ઉજવળ પ્રકાશિત સ્વ સ્વપ્નોને સાકાર કરવાં હોય તો આવી શાળાઓમાં આપના બાળકને પ્રવેશ અપાવો. કાર્યક્રમ અંતર્ગત યજમાનશ્રી દ્વારા ઉચ્ચ લાયકાત વાળા શિક્ષક-શિક્ષિકાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. સંસ્થાના પ્રમુખ એવા શા.સ્વામી ભક્તિપ્રિયદાસજીએ બાળકોને આનંદ સાથે આશીર્વચન આપ્યા હતા. સ.ગુ.સ્વામી યજ્ઞપુરૂષદાસજીએ બધા બાળકો ઉપર રાજીપો અને પ્રસન્નતા વ્યક્ત કરી હતી. સંસ્થાના ટ્રસ્ટીશ્રી લક્ષ્મણભાઇ શામજી શિયાણીએ સંસ્થાની અદ્યતન સગવડો અને શિક્ષકોને ઉચ્ચ માહિતી માટે દિલ્હી સુધી મોકલાવીને શિક્ષણ સ્તરને અપડેટ રાખવાની વાત કરી હતી. સંસ્થાના સંચાલક શા.સ્વામી ગોલોકવિહારી દાસજી, સ્વામી ઘનશ્યામવલ્લભદાસજી, સ્વામી રાધારમણદાસજી, સ્વામી નારાયણપ્રિયદાસજી વગેરે અનેક સંતો હાજર રહી કાર્યક્રમની શોભા વધારી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શ્રીગૌતમ કૈલાએ કર્યું હતું. અંતે આભાર વિધિ કરી આ કાર્યક્રમને પૂર્ણ જાહેર કરવામાં આવેલ અને પધારેલ સૌ મહેમાનો અને ભક્તોએ પ્રસાદ તરફ પ્રયાણ કર્યું.

૧૬ માં વાર્ષિકોત્સવ અંતર્ગત વાઘસહાયક એસ. એસ. જી. એમ. સ્કુલ નવા સંકુલમાં અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ માટે પ્રસાદી મંદિરેથી પધારેલ બ્રહ્મનિષ્ઠ સંતોના વરદ્‌હસ્તે અદ્યતન સગવડ અને એ.સી. યુક્ત કોમ્પ્યુટર લેબ બાળકોના જ્ઞાન વિકાસ વાસ્તે ખોલી મુકવામાં આવી. સાથે સાયન્સ લેબ પણ ખુલી મૂકાઈ, એવં એ.વી. ક્લાસ વગેરે. આ સાથે બીજા કેટલાક વિદ્યા ઉપયોગી નવા ઉપકરણો બાળકોના જ્ઞાનને સમૃદ્ધ બનાવવા માટે ખુલા મૂકાયા.

- શા. સ્વામી ગોલોકવિહારી દાસજી

★★★★★★★★★★★★★★

## શિક્ષાપત્રી જયંતી

### શ્રી સહજાનંદ ગુરૂકુલ માનકુવા

તા. ૧૦/૦૨/૨૦૧૯ રવિવાર વસંતપંચમીના શુભદિને શ્રીસહજાનંદ ગુરૂકુલ માનકુવા મધ્યે સંતો એવમ્ વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષાપત્રી જયંતીની અતિ ઉલ્લાસની સાથે ઉજવણી કરવામાં આવી.

સંસ્થાના સંચાલક શા. સ્વામી ગોલોકવિહારી દાસજીના આયોજન હેઠળ સવારે વિદ્યાર્થીઓ વહેલી સવારે ઊઠી પ્રાતઃ પૂજા પૂર્ણ કરી, ત્યાર બાદ પૂજાના જ ગણવેશમાં શિક્ષાપત્રી પૂજનની શરૂઆત થઇ હતી. સંતો શિક્ષાપત્રી શ્લોકોનું ગાયન કર્યું. અને વિદ્યાર્થીઓ એક એક શ્લોકપૂર્ણ થતાં ઊંચેસાદે “ૐ શ્રી શિક્ષાપત્રી સ્વરુપીણે શ્રી સ્વામિનારાયણાય નમઃ” નામનો મંત્રોચ્ચાર કર્યો હતો. પુ. સ્વામી રાધારમણદાસજીએ તુલસીપત્ર અને અક્ષતથી પૂજન કર્યું હતુ. અંતમાં શ્રી જનમંગલ નામાવલિથી પણ પૂજન કરવામાં આવ્યું હતું. સંચાલક શા. સ્વામી ગોલોકવિહારીદાસજીએ

વિદ્યાર્થીઓને શિક્ષાપત્રીના જીવન ઉપયોગી સૂત્રો ઉપર સુંદર ઉદ્‌બોધન આપ્યું હતું.

વસંતપંચમી શિક્ષાપત્રી જયંતીના શુભદિને વિદ્યાર્થીઓ, વિદ્યાર્થીનીઓ ,શિક્ષકો, શિક્ષિકાઓ અને ગુરૂકુળ પરિવારના સુખાર્થે (૧૨૦૦) ગાયોને સંતો એવમ્ ટ્રસ્ટીશ્રીઓ દ્વારા ગામ વિજપાસર અને ગંગોળમાં ખુદ સંતો જઈને ગાજરનો પેટ ભરાઈ જાય એટલા પ્રમાણમાં નિરણ આપવામાં આવ્યું હતું.

ફરીને સાંજે ગુરૂકુળના વિદ્યાર્થીઓને દુષ્કાળ વર્ષની માહિતી સાથે શિક્ષાપત્રીનું એક વાક્ય કે ''વિશ્વાસઘાતો નો કાર્યઃ'' ની સમજ સંતો દ્વારા આપવામાં આવી. આ સાથે વસંતપંચમી દિનની ઉજવણી કરવામાં આવી હતી.

- સ્વામી આનંદસ્વરૂપદાસજી

★★★★★★★★★★★★★★★

## વચનામૃત ૨૦૦ પારાયણ ઉદ્યાપન-કોડકી

આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન અને ભરતખંડના રાજાધિરાજ, આપણા અધિષ્ઠાતા શ્રી નરનારાયણ દેવની અસીમ કૃપા તેમજ આપણા ભુજ મંદિરના પરમ પૂજ્ય મહંત પુરાણી ધર્મનંદનદાસજી સ્વામીની પ્રેરણારૂપ આજ્ઞાથી અને વડીલ સંતોના આશીર્વાદથી, ગામ કોડકી મધ્યે, વચનામૃત અવતરણ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં વચનામૃતની ૨૫૫ પારાયણ કરવામાં આવી.

વ્હાલા ભક્તો , સત્સંગના કોઈ પણ ઉત્સવનું નિમિત્ત એટલે જીવનને ભક્તિમાર્ગે ભગવાનના સાંનિધ્યમાં લઈ જવાનો અને દિવ્ય સુખની અનુભૂતિ કરવાનો અવસર. એ ન્યાયે વચનામૃત અવતરણ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં શ્રીજી મહારાજની અમૃતવાણી અને સંપ્રદાયનો મુખ્ય ગ્રંથ વચનામૃતની ૨૪૦ પારાયણ ગામનાં બહેનોએ મળીને કરી. તેમાં કોડકી ગામના બાઈઓના મંદિરના મહંત સાંખ્યયોગી સામબાઈ ફઈના માર્ગદર્શન અનુસાર આયોજન થયું. તેનો શુભ પ્રારંભ પવિત્ર માઘ માસ પોષ સુદ પૂનમ, તા.૨૦-૧-૧૯ થી થયો. અને પોષ વદ ચૌદસ તા.૩-૨-૧૯ ના સમાપ્ત થઈ. આ પારાયણમાં ખાસ મહત્ત્વની વાત એ હતી કે પવિત્ર તીર્થભૂમિ એટલે કે મંદિરમાં જ બેસીને આ પારાયણ કરવામાં આવી. સવારે પાંચ વાગ્યાથી રાત્રે દશ વાગ્યા સુધી, સાનુકૂળતા અને અનુક્રમે બહેનો દ્વારા આ વચનામૃત પારાયણ સતત ચાલુ જ રહી. આ એક નવા ભક્તિ અભિયાનમાં ૨૪૦ બહેનોએ ઉમંગથી ભાગ લીધો. તેમજ જેને વાંચવામાં તકલીફ હોય તેવાં ૨૬૦ બહેનો મંદિરમાં એક આસને મૌન બેસીને ૧૧૦૦ માળા કરી. શ્રી ઘનશ્યામ બાલિકા મંડળની બાલિકાઓ પણ કુલ ૩૦૦૦ માળા કરી. આ ઉત્સવમાં ગામના યુવાનો તથા વડીલોએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. હરિભક્તોએ પણ મંદિરમાં જ એક આસને બેસી, મૌન રહીને પંદર દિવસમાં ૧૫ સમૂહ પારાયણ કરી. આમ વચનામૃત અવતરણ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં આયોજીત વચનામૃત પારાયણમાં કોડકી ગામનાં સર્વે સત્સંગીઓએ ભાગ લીધો હતો. આમ બહેનો ભાઈઓ તમામ ભક્તોની મળીને કુલ ૨૫૫ પારાયણ થઈ હતી.

વિશેષમાં એ ઉત્સવ નિમિત્તે પોષ વદિ ષટ્‌તિલા એકાદશીના પવિત્ર દિવસે, બહેનોના મંદિરમાં શ્રી ઠાકોરજી સન્મુખ બેસીને, નંદ સંતો રચિત કીર્તનનાં ૨૦૦ પદ વાજીંત્ર સહિત ગાયન કરવામાં આવ્યું હતું. ગામના સૌ બહેનો ભક્તો આનંદ પૂર્વક પૂર્ણ સમય હાજર રહી ભક્તિભાવથી, સોનામાં સુગંધ ભળે તેમ આ ઉત્સવને ભવ્ય અને દિવ્ય બનાવી દીધો.

### ૨૦૦ પારાયણ ઉદ્યાપન નિમિત્તે વચનામૃતની શોભાયાત્રા

આ ઉપરાંત વચનામૃતની પારાયણ પૂર્ણ થઈ તે નિમિત્તે, પોષ વદિ ચૌદસના દિવસે બેન્ડપાર્ટીના વાજીંત્રો સાથે ભક્તિગીતોના સથવારે વચનામૃત શાસ્ત્રની ભવ્યાતિભવ્ય શોભાયાત્રાનું આયોજન થયેલું. ગામમાં બહેનોના મંદિરથી પ્રસ્થાન થયેલી આ પૈદલ

પાલખીયાત્રામાં ગામના તમામ ભક્તો જોડાયેલા. સાથે સંતોમાં શાસ્ત્રી અક્ષરપ્રકાશદાસજી સ્વામી, પુરાણી પ્રભુવલ્લભદાસજી સ્વામી, ગાયક પુરાણી નિર્ભયચરણદાસજી સ્વામી, વિદ્યાર્થી વ્રજવિહારીદાસજી સ્વામી વગેરે સંતોએ શોભા વધારેલી. તેમાં શાસ્ત્ર પાઠ કરનાર તમામ બહેનોએ પોતપોતાના વચનામૃત શાસ્ત્રને ફૂલહારથી શણગારીને મસ્તક ઉપર ધારીને સામેલ થવાથી આ યાત્રા ભક્તિમય જણાતી હતી. વાજતે ગાજતે ચાલતી આ યાત્રા ગામથી એક કી.મી. દૂર કોડકી ગંગાજીના પાવન તટ પર પહોંચી. ત્યાં વિશાળ મેદાનમાં ગોઠવેલા મોટા મંચ ઉપર તમામ પોથી તથા પાલખી પધરાવામાં આવી. મોટી સંખ્યામાં પૈદલ ચાલી આવેલા સર્વે યાત્રીકો વ્યવસ્થા મુજબ સભાના રૂપમાં ગોઠવાયા. આજે આ વિશાળ મેદાન પણ વચનામૃતપ્રિય ભક્તોની હાજરીથી નાનું પડ્યું હતું. તેમાં કોડકી ગામનાં સાંખ્યયોગી બહેનો આ ઉત્સવમાં ગંગાજી ઉપર પધારેલાં. તેમજ માનકુવા,ભક્તિનગરનાં સાંખ્યયોગી બહેનો પણ ઉપસ્થિત રહેલાં. આ અવસરે આપણા ભુજ મંદિરેથી સ.ગુ. સ્વામી મુકુંદજીવનદાસજી, સ.ગુ. સ્વામી નિરન્નમુક્તદાસજી, સ.ગુ. સ્વામી જગતપાવનદાસજી, સ.ગુ. પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી, સ.ગુ. પુરાણી સ્વામી શ્રીહરિદાસજી, શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રકાશદાસજી, પુરાણી સ્વામી ચંદ્રપ્રકાશદાસજી, શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી, શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી તથા શાસ્ત્રી સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી વગેરે ૪૦ જેટલા સંતો પધારેલા. પૂજ્ય સંતો દ્વારા પ્રસંગને અનુરૂપ કથાવાર્તા થઈ. સંતપૂજન બાદ શાસ્ત્રપાઠ કરનાર તમામ ભક્તો વાચકોને વડીલ સંતોએ વચનામૃતની સ્મૃતિ સાથે અંતરના રૂડા આશીર્વાદ પાઠવ્યા. ત્યારબાદ અષ્ટકોચ્ચારણ સાથે વડીલ સંતો દ્વારા તમામ પોથીઓ ઉપર પૂજન તેમજ પુષ્પ વૃષ્ટિ કરવામાં આવી. બાદમાં યુવાન, વિદ્વાન, વિદ્યાર્થી એમ સૌ સંતોએ ભાવવાહી શૈલીમાં પુષ્પવૃષ્ટિ કરેલી. તેમાં વચનામૃત પારાયણના તમામ વાચકો, તથા પાલખીયાત્રાના સેવકોએ પણ દુર્લભ લાભ લીધેલો. છેલ્લે સૂર્યાસ્ત સમયે સૌ ભક્તો સાથે મળી મહાઆરતી કરી શાસ્ત્રપૂજનનો લાભ લીધેલો. ગામનાં બહેનોએ ૨૪૦ પારાયણ કરેલી તે સર્વે બહેનો ભક્તો આગળ આવી શાસ્ત્રને વધાવાનો અમૂલ્ય અને સદાસ્મરણીય લાભ લીધેલો.

ત્યારબાદ પ્રસાદ વિતરણ કરી ઉત્સવ પૂર્ણ કરેલો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રકાશદાસજી તથા શાસ્ત્રી સ્વામી લક્ષ્મણપ્રકાશ દાસજીએ સંભાળેલું. અંતે ગંગાજીથી પાલખી અને વચનામૃતયાત્રા સાથે લઈ સૌ ભક્તો પૈદલ ગામમાં મંદિરે આવી કાર્યક્રમ પૂર્ણ કર્યો. સૌને વચનામૃતના ભક્તિમય અમૃતરસનો અદ્ભુત આનંદ થયો.

-કચ્છ શ્રી નરનારાયણદેવ યુવતી-મહિલા મંડળ, કોડકી

★★★★★★★★★★★★★

## રંગોત્સવ-દર્શન સાયકલ યાત્રા

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન, મહંત સ્વામીશ્રી તથા બ્રહ્મનિષ્ઠ સંતો અને સાંખ્યયોગી બહેનોના આશીર્વાદ તથા માર્ગ-દર્શનની સાથે કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ મુખ્યત્વે કેરા, હરીપર, નારણપર, માનકુવા તથા સુખપર-રોહાના ૪૦થી વધુ યુવાનો કેરા-ભુજથી ૨૭૩ કિમી સાયકલ સવારી કરી મુળી રંગોત્સવ દર્શને પહોંચ્યા હતા.

પ્રથમ જુથે કિરણ ખેતાણીની આગેવાનીમાં બુધવાર સાંજે કેરા મંદિરમાં દેવ દર્શન પછી સાંખ્યયોગી બહેનો તથા હરિભક્તોની હાજરીમાં સાયકલ યાત્રાનો પ્રારંભ કર્યો અને તીર્થધામ ભુજ પહોંચી દેવ દર્શન, આરતી પછી રાત્રિ રોકાણ કર્યું. ગુરુવાર સવારે ભુજથી સંતોના માર્ગદર્શન મુજબ ચાંદરાણી, ધમડકા તેમજ પ્રસાદીના સ્થળોની મુલાકાત બાદ શ્રી સ્વામિનારાયણ મંદિર ભચાઉ રાત્રિ રોકાણ કરી શુક્રવારે સામખીયાળી, સુરજબારી અને માળીયા થઈને શ્રી હરિકૃષ્ણધામ

રણજીતગઢ ખાતે રાત્રિ રોકાણ કર્યું હતું. શનિવારે હળવદથી સરા થઇ સાયકલ યાત્રા મૂળી પહોંચી ત્યાં પ્રસાદીના સ્થળોની મુલાકાત, આરતી દર્શન બાદ રાત્રિ રોકાણ કર્યું હતું.

દ્વિતીય સમૂહની સાયકલ યાત્રાનો પ્રારંભ રમેશ વરસાણીની આગેવાનીમાં શનિવાર વહેલી સવારે ૨ વાગ્યે કેરાથી થયો. ભુજથી ધાણેટી થોડા વિશ્રામ બાદ ૮ વાગ્યે ભચાઉ નાસ્તો કરી સામખીયાળી વ્યસ્ત વાહન-વ્યવહારની વચ્ચે સાયકલ ચલાવતા માર્ગમાં સદ્ભાગ્યે ભુજ મંદિરના સંતોની મુલાકાત થઈ હતી. સંતોના આશીર્વાદ બાદ સુરજબારી પુલ પર રોમાંચક સાયકલ સવારી કરી માળીયા ૨ વાગ્યે બપોરનું ભોજન લઇ સાંજે ૫ વાગ્યે રણજીતગઢ પહોંચી ત્યાં પ્રસાદ લઇ રાત્રિ રોકાણ કર્યું, રવિવારે સવારે ૪ વાગ્યે હળવદથી સરા થઇ સવારે ૯ વાગ્યે સાયકલ યાત્રા મૂળી શ્રી રાધાકૃષ્ણ દેવના સાનિધ્યમાં પહોંચી હતી.

શ્રી સહજાનંદ સ્વામી મહારાજ દ્વારા મુમુક્ષુજનોના કલ્યાણને અર્થે વસંત પંચમીના દિવસે લિખિત શ્રી શિક્ષાપત્રી જયંતીના પવિત્ર પર્વ નિમિત્તે મુળીધામે સૌ હરિભક્તોએ શ્રી રાધાકૃષ્ણદેવ તથા અન્ય દેવોની મંગળા આરતી અને અભિષેક દર્શન કર્યા. ત્યારબાદ મહંત સ્વામીશ્રી શ્યામસુંદરદાસજી, આચાર્ય મહારાજશ્રી તથા લાલજી મહારાજે નવ- નિર્મિત બ્રહ્મ મહોલના પટાંગણમાં આશીર્વાદ આપ્યા, મુળી મંદિરના પટાંગણમાં લાલજી મહારાજે વિવિધ રંગો વરસાવી પારંપરિક રંગોત્સવને દિવ્ય બનાવ્યો સાથે સૌ હરિભક્તોએ દર્શન કરી મોક્ષ માર્ગ સરળ બનાવ્યો હતો. રંગોત્સવબાદ શાકોત્સવમાં પ્રસાદરૂપી વિવિધ વ્યંજનોનો આસ્વાદ માણી જાદવજીભાઈ ગોરસીયા દ્વારા કરવામાં આવેલ વાહનની મદદ વડે સૌ સાયકલ વીર હરિભક્તો શ્રી નરનારાયણદેવના શરણે પરત ફર્યા હતા.

- ડો. રમેશ વરસાણી, કેરા

★★★★★★★★★★★★★★★★

## નાના અંગીયા : મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વહસ્તે મંદિરોનું નિર્માણ કરીને હરિભક્તોને સત્સંગ, કીર્તન, કથા-વાર્તા, ઉત્સવોની ઉજવણી કરવામાં સુગમતા રહે તેમજ ભક્તિમાં દૃઢતા આવે તે માટે મંદિરોનાં નિર્માણ કરવાની આજ્ઞા આપી છે. શ્રીજી મહારાજની આજ્ઞાનું અનુસરણ કરી આપણા ભુજ મંદિર દ્વારા કચ્છમાં ઘણી જગ્યાએ નૂતન મંદિરોનું નિર્માણ થયું છે. શ્રી સહજાનંદ સ્વામીની અસીમ કૃપા તેમજ પ્રાતઃસ્મરણીય પ.પૂ. મહંત સ.ગુ. પુ. સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી નખત્રાણા તાલુકાના નાના અંગીયા ગામે ભાઈઓ તથા બહેનોના શ્રી સ્વામિનારાયણ નૂતન મંદિર નિર્માણ પામ્યા છે. જેમાં મૂર્તિઓની પ્રતિષ્ઠા નિમિત્તે 'મૂર્તિપ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ' ભવ્ય રીતે ઉજવાયો, તે અંતર્ગત તા. ૧૧-૨-૨૦૧૯ થી તા. ૧૫-૨-૨૦૧૯ સુધી 'શ્રીમદ્ ભાગવત પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૧૧ના સવારે સ્થાપન પૂજન સાથે પોથીયાત્રાનો પ્રારંભ થયો હતો. હર્ષોલ્લાસના ભક્તિમય વાતાવરણ વચ્ચે શ્રી સ્વામિનારાયણના જયઘોષ અને ધૂન સાથે યજમાન પરિવારની મહિલાઓ તેમજ અન્ય ભાવિક બહેનો સત્શાસ્ત્રોને શિર પર ધારણ કરી યાત્રામાં ભક્તિરસનું સિંચન કરી રહી હતી. યજમાન પરિવારના સભ્યો અને મોટી સંખ્યામાં હરિભક્તો આ પોથીયાત્રામાં ભાવભેર જોડાઈને ધન્યતા અનુભવી રહ્યા હતા. પોથીયાત્રા શ્રીનરનારાયણદેવ સભામંડપમાં પહોંચતા પ.પૂ. મહંત સ્વામી તથા યજમાનોએ પોથીઓનું પૂજન કર્યું અને પોથીઓ યથોચિત સ્થાને પધરાવવામાં આવી.

દીપ પ્રાગટ્યની સાથે મહોત્સવનો પ્રારંભ થયો. પ.પૂ. મહંત સ્વામી સાથે દીપ પ્રાગટ્યમાં વડીલ સંતો અને યજમાનો જોડાયા હતા. દીપ પ્રાગટ્યની સાથે હર્ષની લાગણી વ્યક્ત કરતાં મહંત સ્વામીએ ભારપૂર્વક જણાવ્યું કે આ આપણો ઉત્સવ છે, જે સૌ સાથે મળીને

ઉજવી રહ્યા છીએ. ગામના લોકોમાં ભક્તિભાવ ભારોભાર ભરેલો છે. શ્રી લક્ષ્મીનારાયણ સમાજ અને શ્રી સ્વામિનારાયણ સમાજ સાથે મળીને આ ઉત્સવ ઉમંગભેર ઉજવી રહ્યા છે. ભગવાનને સાથે રાખીને આ ઉજવણી થાય છે તેથી કોઈ વિઘ્ન નહીં આવે. સૌ કોઈ જાણે છે કે આ આપણો ઉત્સવ છે અને ભગવાન આવા ઉત્સવો પૂરા કરે છે.

દીપ પ્રાગટ્ય બાદ કથા પારાયણ જ્ઞાનયજ્ઞનો લાભ હરિભક્તોને મળ્યો. પાંચેય દિવસ વ્યાસાસન પર વિરાજમાન થઈ વિદ્વાન વક્તા શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી, પુ. સ્વામી શ્રીરંગદાસજી તથા પુ. સ્વામી હરિપ્રસાદદાસજીએ પ્રસંગોચિત દૃષ્ટાંતો, કીર્તનો અને મનનીય વક્તવ્યો સાથે કથામૃતનું રસપાન કરાવી શ્રોતાઓની ભક્તિક્ષુધાને તૃપ્ત કરી હતી. કીર્તનો અને પ્રસંગોને વિશેષ રુચિકર અને પ્રભાવક બનાવવા સંગીતકાર સ્વામી શ્રીજીનંદનદાસજી અને તબલાવાદક સ્વામી કપિલમુનિદાસજીએ સંગીતની સરવાણી વહાવી શ્રોતાગણને મંત્રમુગ્ધ કર્યા હતા. કથા દરમ્યાન તા. ૧૧ના શ્રીરામ જન્મોત્સવ, તા. ૧૨ના શ્રીકૃષ્ણ જન્મોત્સવ અને તા. ૧૪ના રૂક્ષ્મણી વિવાહના પ્રસંગો ધામધૂમથી ઉત્સાહ અને ઉમંગભેર ઉજવાયા હતા.

તા. ૧૩ના રોજ બપોરપછી ઠાકોરજીની અને પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજની ભવ્ય શોભાયાત્રાએ અંગીયા ગામમાં વિશેષ આકર્ષણ જમાવ્યું હતું. રંગબેરંગી નવાં વસ્ત્રો પરિધાન કરી શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન સાથે હર્ષોલ્લાસથી નાચતા-ગાતા સાતેક હજાર હરિભક્તો સંતો સાથેની આ શોભાયાત્રામાં ઉમંગભેર જોડાયા હતા. ગામના જાહેરમાર્ગો અને ગલીઓમાં શ્રી સ્વામિનારાયણ નામનો જયઘોષ ગુંજી ઉઠ્યો હતો. શ્રીઠાકોરજી, આચાર્ય મહારાજશ્રી અને સંતોના દર્શન કરી સૌ ધન્યતા અનુભવતા હતા. કીર્તન મંડળીઓ અને રાસમંડળીઓએ વાતાવરણમાં ભક્તિની સુગંધ ફેલાવી હતી.

શોભાયાત્રા સભામંડપમાં આવી પહોંચતા સાંપ્રદાયિક પરંપરાનુસાર સંતો અને હરિભક્તો દ્વારા આચાર્ય મહારાજશ્રીનું ભવ્યતાપૂર્વક હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. બંને સમાજના હરિભક્તો આચાર્ય મહારાજશ્રી અને બ્રહ્મનિષ્ઠ સંતોને સન્માનિત કરી ધન્યતા અનુભવી રહ્યા હતા. વાતાવરણમાં એક દિવ્યતા છવાઈ ગઈ હતી. મહોત્સવના યજમાનો, દાતાઓ અને સમર્પિત હરિસેવકોને પહેરામણી, સ્મૃતિપ્રતીક સહિત સન્માનિત કરી બિરદાવવામાં આવ્યા. વડીલ સંત સ.ગુ. પુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજીએ હૃદયની પ્રસન્નતા વ્યક્ત કરતાં યજમાનના સમર્પિત ભક્તિભાવની પ્રશંસા કરતાં જણાવ્યું કે આવા ભક્તો થકી જ સંપ્રદાય ઉજળો છે અને સત્સંગમાં વૃધ્ધિ થતી રહે છે. આ એક જ દાતાએ રૂપિયા પચાસ લાખ જેટલું માતબર ખર્ચ કરીને મંદિર નિર્માણના પુણ્યનું ભાથું બાંધ્યું છે. ગામ નાના અંગીયાના હાલે મુંબઈ-ઘાટકોપર નિવાસી અ.નિ. પ.ભ. લાલજીભાઈ અરજણ ભગત અને અ.નિ જીવાબેન લાલજીભાઈ ભગતના સુપુત્ર મનજીભાઈ, અ.નિ. ધ.પ. હિરાબેન, પુત્ર બાબુભાઈ, પુત્ર મગનભાઈ તથા પુત્રવધુ લીલાબેન તથા ભાવિકાબેન, પૌત્રી તનીશા તથા પૌત્રી ભક્તિબેન, જમાઈ સેતુલકુમાર, દોહિત્ર ધ્રુઅલ સપરિવાર નવનિર્મિત નૂતન મંદિરનાં ખાતમુહૂર્ત તથા સંપૂર્ણ પ્રતિષ્ઠા મહોત્સવના યજમાન રહ્યા હતા.

મહોત્સવ દરમ્યાન વિઘ્નહર્તા ગણપતિ તથા કષ્ટનિવારક હનુમાનજીનાં મંદિરોમાં શાસ્ત્રોક્ત વિધિવિધાનપૂર્વક મૂર્તિઓની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. તા. ૧૪ના રોજ શાસ્ત્રોક્ત વિધિવિધાનપૂર્વક ભાઈઓના મંદિરમાં શ્રીરાધાકૃષ્ણદેવ, શ્રીનરનારાયણ દેવ, શ્રીઘનશ્યામ મહારાજની મૂર્તિઓની તેમજ બહેનોનાં મંદિરમાં શ્રી નરનારાયણદેવ, શ્રીરાધાકૃષ્ણદેવ અને શ્રીઘનશ્યામ મહારાજની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી હતી. મૂર્તિઓ તથા સિંહાસનના

યજમાનપદનો લાભ અલગ અલગ હરિભક્તોએ લીધો હતો.

નવનિર્મિત નૂતન મંદિરોનાં સંપૂર્ણ બાંધકામની કામગીરી તથા સંપૂર્ણ મહોત્સવનું આયોજન અંજાર મંદિરના મહંત સ્વામી દેવપ્રકાશદાસજી અને સ્વામી દિવ્યસ્વરૂપદાસજીએ સાથે મળીને પાર પાડ્યા હતા. ઉત્સવના તમામ વિભાગોમાં સેવા કરનાર સંતો, હરિસેવકો અને કાર્યકરો પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

ભુજ મંદિરના કોઠારી પાર્ષદ જાદવજી ભગતે આશીર્વચન આપતાં હર્ષની લાગણી વ્યક્ત કરી હતી. ગામ નાનું છે પણ કામ ખૂબ મોટું કર્યું છે તેવું જણાવી બંને સમાજના હરિભક્તો, મહાજન સમાજ, રબારી સમાજ બધા એકરૂપ થઈને આ કાર્ય સફળ બનાવ્યું છે. સૌ સાથે રહ્યા છો અને સાથે મળીને સત્સંગ કરજો અને મંદિરનો લાભ લેજો.

મહંત સ.ગુ. પુ. સ્વામી ધર્મનંદનદાસજીએ પોતાનો રાજીપો વ્યક્ત કરતાં આશીર્વચનમાં જણાવેલ કે મંદિરનું નિર્માણ કરવું તે અતિ પુણ્યનું કાર્ય છે. મંદિરમાં ભગવાન બિરાજે છે એ ભગવાન જ સર્વોપરી છે. સૃષ્ટિનું તમામ કાર્ય તેમની ઈચ્છાથી જ થાય છે અને આ ગામમાં મંદિર થાય તેવી તેમની ઈચ્છાપૂર્તિમાં સૌ નિમિત્ત બન્યા છો અને ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રસન્નતા પ્રાપ્ત કરી છે. યજમાનો, દાતાઓ અને હરિસેવકોને બિરદાવ્યા હતા અને ભક્તિની દ્રઢતા માટે મંદિરમાં સત્સંગ કરવાનો આદેશ આપ્યો હતો. ગામ ઘડાણીની સાં.યો. બહેનો મંદિર સંભાળે અને સત્સંગ કરાવે, કથાવાર્તા કરાવે અને ભક્તિમાં દ્રઢતા આવે તેવી પ્રવૃત્તિઓ કરે તેવી આજ્ઞા કરી હતી. આ મંદિરનું સંચાલન ભુજ શ્રી નરનારાયણદેવ મંદિર દ્વારા કરવામાં આવશે તેવી જાહેરાત કરી હતી.

જેમની ઉપસ્થિતિથી સૌ ધન્ય ધન્ય થઈ ગયા હતા તેવા સદૈવ વંદનીય આચાર્ય મહારાજશ્રીએ અત્યંત હર્ષપૂર્વક જણાવ્યું કે કચ્છનો સત્સંગ સંપ્રદાયમાં વિશેષ આગવું સ્થાન ધરાવે છે. કચ્છના નાનાં નાનાં ગામોમાં પણ સુંદર મંદિરોનું નિર્માણ થતું રહે છે જે હરિભક્તોની ભક્તિ અને શ્રધ્ધાની અભિવ્યક્તિ છે. સૌની એકતા અને સૌની ધગશથી આવાં કાર્યો પાર પડે છે. મૂર્તિ પ્રતિષ્ઠા થઈ ગઈ હવે સૌ સાથે મળી, એક થઈ દર્શન અને કથાવાર્તાનો લાભ લેજો. સંતોની આજ્ઞામાં રહીને મંદિરોને સત્સંગની પ્રવૃત્તિઓથી ધમધમતા રાખજો. મનમાં શ્રીજી મહારાજ પ્રત્યે ખટકો રાખી આવાં સત્કાર્યો કરતા રહેજો અને જીવન સાર્થક બનાવજો.

સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી, શા. સ્વામી ભક્તિપ્રિયદાસજી આદિ વડીલ સંતોનાં આશીર્વાદ પ્રાપ્ત થયા હતા. સ્વામી નીલકંઠચરણદાસજી, સ્વામી ધર્મસ્વરૂપદાસજી, સ્વામી નરનારાયણસ્વરૂપદાસજી, સ્વામી સુખનંદનદાસજી, સ્વામી અક્ષરસ્વરૂપદાસજી આદિ સંતોએ મહોત્સવમાં સેવા આપી હતી.

ઉત્સવ દરમ્યાન પહેરામણી, સન્માન અને સ્વાગત દ્વારા યજમાનો, દાતાઓ, હરિસેવકો, આગેવાનો, કાર્યકરો સૌનું યથોચિત સન્માન-બહુમાન કરાયું હતું. સત્સંગ સંભાળવા માટે તેમજ મંદિરની સંભાળ રાખવા માટે સાત હરિભક્તોની સમિતિની રચના કરી તેઓને જવાબદારી સોંપાઈ હતી.

તા. ૧૨ના રાત્રે સંતો દ્વારા કીર્તન સંધ્યા, તા. ૧૩ના રાત્રે શ્રી સહજાનંદ ગુરુકુલ, માનકુવાના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક ભક્તિ કાર્યક્રમ અને તા. ૧૪ના રાત્રે સંતો-હરિભક્તોનો મહારાસોત્સવ એમ ત્રણ ત્રણ દિવસ રાત્રી કાર્યક્રમો યોજાયા હતા. જેનો આનંદ સૌએ માણ્યો હતો.

સંતો, કાર્યકરો, હરિસેવકો, યુવક-યુવતી મંડળના સભ્યો તેમજ તમામ સહકારી સહયોગીઓનો આભાર માનવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સુચારુ અને સુંદર સંચાલન પુ. સ્વામી કૃષ્ણવિહારીદાસજી અને

પુ. સ્વામી ઘનશ્યામનંદનદાસજીએ પોતાની આગવી શૈલીમાં કર્યું હતું.

ભોજન-મહાપ્રસાદની સુવિધાથી સૌએ તૃપ્તિ અનુભવી હતી. -સ્વામી દિવ્યસ્વરૂપદાસજી

★★★★★★★★★★★★★★★★

## નાની ખાખર : ૧૧૦ વર્ષ પ્રાચીન મંદિરનો જીર્ણોધ્ધાર

ભૂકંપ સમયે અનેક મંદિરો અને મકાનો ધ્વસ્ત થઈ ગયા અને આજે તેમનું અસ્તિત્વ પણ નથી. નાની ખાખર જેવા નાનકડા ગામમાં શ્રી સહજાનંદ સ્વામીના મંદિરને પણ ક્ષતિ પહોંચી. કાચા દેશી નળીયા અને માટી-ચૂનાથી ચણાયેલ આ મંદિર પણ ભૂકંપ સહન ન કરી શક્યું. ખૂબ મોટા પાયે નુકસાન થયું. ધીરે ધીરે આ મંદિર ભૂલાવા લાગ્યું પરંતુ ધર્મપ્રેમી હરિભક્તોની ભક્તિ અને આસ્થાએ આ મંદિરને યાદ કરી તેનું જીર્ણોધ્ધારનું કાર્ય કરવાનો સંકલ્પ કર્યો. ગામના દહીંસરીયા પરિવારે ૧૧૦ વર્ષ જૂના આ મંદિરના જીર્ણોધ્ધારનું બીડું ઝડપ્યું. ગામ લોકોનો અને ભુજ મંદિરનો સાથ સાંપડ્યો. શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપા અને ભુજ મંદિરના પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ. પુ. સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી આ સત્કાર્ય પાર પડ્યું. નાની ખાખર મધ્યે શ્રીસહજાનંદ સ્વામીનું મંદિર પુનઃ જીવંત થયું છે. ભાવિક ભક્તોને કથાવાર્તા, ભજન, કીર્તન, સત્સંગ, ઉત્સવની ઉજવણીની સુંદર સુવિધા પ્રાપ્ત થઈ. આ નિમિત્તે તા. ૧૮-૨-૨૦૧૯ના રોજ આ મંદિરમાં સત્સંગસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી રામસ્વરૂપદાસજી, સ્વામી મુક્તવલ્લભદાસજી, સ્વામી ભક્તિચરણદાસજી આદિ સંતો, કેરાથી પધારેલ સાં.યો. બહેનો અને હરિભક્તો અને મોટી સંખ્યામાં સ્થાનિક તેમજ અન્ય ગામના હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા. સંતોએ આશીર્વચન પાઠવી સત્સંગ કરવાની ખાસ ભલામણ કરી હતી. મંદિરમાં નિયમિત સેવા, પૂજા, આરતી કરવાની વાત પર ભાર મૂક્યો હતો. સ્વામી મુક્તવલ્લભદાસજીની દેખરેખ નીચે જીર્ણોધ્ધારનું કાર્ય સંપન્ન થયું હતું.

- સ્વામી ભક્તિચરણદાસજી

★★★★★★★★★★★★★★★★

## શિક્ષાપત્રી જયંતી-સુખપર

શ્રી સ્વામિનારાયણ મંદિર, સુખપર મધ્યે તા. ૧૦-૨-૨૦૧૯ મહાસુદ ૫, એટલે કે વસંતવંચમીના દિવસે શિક્ષાપત્રી જયંતીની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી. વહેલી સવારે મંગળા આરતીબાદ શિક્ષાપત્રીપૂજનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ભુજથી પધારેલ સ્વામી સંતદાસજી અને સ્વામી ઈશ્વરપ્રિયદાસજીની હાજરીમાં પૂજન કરવામાં આવ્યું હતું. બહોળી સંખ્યામાં હરિભક્તો પૂજનમાં જોડાયા હતા. વેદોક્તવિધિથી શિક્ષાપત્રીના ૨૧૨ શ્લોકનું પધારેલ સંતોએ પૂજન કરાવ્યું હતું. પૂજનબાદ સંતો તથા સૌ હરિભક્તો સાથે મળી શિક્ષાપત્રીની તેમજ શ્રીઠાકોરજીની આરતી ઉતારવામાં આવેલ. ત્યારબાદ જનમંગલ સ્તોત્રના પાઠ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ પધારેલ સંતોએ શિક્ષાપત્રીનું આજ્ઞાનુસાર સૌને વર્તવા મીઠી ટકોર પણ કરી હતી. સૌ હરિભક્તો ઉપર સંતો દ્વારા અબીલ ગુલાલ ઉડાડી સૌને વસંતની બધાઈ આપી હતી. ત્યારબાદ સૌને પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો.

- કિશોર આર. પિંડોરીયા, સુખપર

★★★★★★★★★★★★★★★★

## શુભેચ્છા સમારંભ-ભુજ

શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભવન, ભુજના ધો. ૧૦ અને ધો. ૧૨ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારંભ ભવનના સંચાલક શા. સ્વામી હરિવલ્લભ દાસજી તથા સહસંચાલક સ્વામી અક્ષરમુક્તદાસજીની ઉપસ્થિતિમાં યોજાયેલ હતો.

શા. સ્વામી હરિવલ્લભદાસજીએ વિદ્યાર્થીઓને આશીર્વચન પાઠવતાં ઉત્સાહ ભંગ કર્યા વગર પરીક્ષાઓની તૈયારીમાં લાગી જવા જણાવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને પ્રાણવાન થઈને સંસ્થા, કુટુંબ તથા રાષ્ટ્રને આગળ વધારવા જોઈએ તેવો બોધ આપ્યો હતો.

સ્વામી શ્રીરંગદાસજીએ વિદ્યાર્થીઓને વિદ્યાનું મહત્ત્વ સમજાવીને મહેનત કરી સફળતા પ્રાપ્ત કરવા પ્રેર્યા હતા. તેમણે કર્ણ, એકલવ્ય, ભીમ તથા અર્જુને મેળવેલી વિદ્યાનું દૃષ્ટાંત આપી જ્યાંથી સારું દેખાય છે તે પ્રાપ્ત કરી જ્ઞાન મેળવો તેવું ઉમેર્યું હતું.

ટ્રસ્ટીશ્રી જનકભાઈ ભટ્ટે વિદ્યાર્થીઓને શ્રીહનુમાનજી પાસેથી બળ, બુદ્ધિ તથા વિદ્યા મેળવીને જીવનમાંથી કલેશનો નાશ કરવો તેવું જણાવ્યું હતું. વિદ્યાર્થીઓએ Passion (તલપ), Innovation (નવતરવૃત્તિ) કરી હર પળે, હરક્ષણે Improvement કરવું જોઈએ તેવી શીખ આપી હતી. જીવનમાં Never Quit નો સિદ્ધાંત રાખવો તેવું જણાવીને પરિણામ પરીક્ષાનું છે, જીવનનું નથી તે યાદ રાખવું.

વિદ્યાર્થી ભવનના મંત્રીશ્રી કરસનભાઈ હાલાઈએ સંતો તથા ટ્રસ્ટીશ્રીઓનો આવકાર આપી વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષાઓની તૈયારીમાં લાગી જવા પ્રેરીત કર્યા હતા.

આ પ્રસંગે મંદિરથી સ્વામી નીલકંઠદાસજી, સ્વામી કૃષ્ણવિહારીદાસજી, સ્વામી ઘનશ્યામપ્રિયદાસજી તથા વિદ્યાર્થી ભવનના પ્રમુખશ્રી ખીમજીભાઈ ભુડીયા, ટ્રસ્ટીશ્રી લાલજીભાઈ નાથાલાલભાઈ વરસાણી ઉપસ્થિત રહ્યા હતા. વિદાય લેતા વિદ્યાર્થીઓએ સંસ્થાને પ્રતિકભેટ સ્વરૂપે શાકભાજી સુધારવાનું મશીન અર્પણ કરેલ હતું.

આ પ્રસંગે વિદાય લેતા ધો. ૧૦ તથા ધો. ૧૨ના વિદ્યાર્થીઓ પોતાના પ્રતિભાવો રજૂ કરી સંસ્થાના ઋણને ક્યારેય ભૂલીશું નહિ તથા સંતોના આશીર્વચન સદાય તેમના પર વરસતા રહે તેવી નેમ વ્યક્ત કરી હતી. કાર્યક્રમનું સંચાલન શિક્ષકશ્રી હિતેશભાઈ વ્યાસે તથા આભારવિધિ ગૃહપતિશ્રી ચંદુભાઈ વ્યાસે કરી હતી.

- આચાર્યશ્રી

★★★★★★★★★★★★★★★

## માઘસ્નાન તથા વસંતપંચમી : શ્રીહરિ તપોવન ગુરુકુલ ગંગાજી, રામપર-વેકરા

તા. ૧૦ - ૦૨ - ૨૦૧૯, રવિવાર વસંતપંચમીના શુભદિને શ્રીહરિ તપોવન ગુરુકુલ ગંગાજીના વિશાળ પ્રાર્થનાખંડ મધ્યે વિધિવત્ શિક્ષાપત્રી જયંતી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. પ્રાતઃકાળે મનોહર શણગાર ધારણ કરી ભવ્ય સિંહાસન પર વિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી નરનારાયણ દેવ અને શ્રી રાધાકૃષ્ણ દેવ સન્મુખ ઉદ્ધવ સંપ્રદાયને આશ્રિત સત્સંગી માત્રની આચાર સંહિતારૂપ શ્રી શિક્ષાપત્રી ગ્રંથને અલંકૃત આસને પધારાવવામાં આવેલ. સંચાલક સંત મંડળ પૈકી પુરાણી સ્વામી ભક્તિવિહારીદાસજીએ મંત્રોચ્ચાર દ્વારા શિક્ષાપત્રી ગ્રંથનું પૂજન કરાવ્યું હતું. ઠાકોરજીના શણગાર અને પ્રસંગોચિત્ત સાજ-સજ્જા તેમજ પૂજાપાની સમગ્ર તૈયારી સ્વામી સત્યજીવનદાસજી અને પુરાણી સ્વામી નિર્ભયજીવનદાસજીના માર્ગદર્શનથી બાલ પૂજારી વિદ્યાર્થીઓએ કરી હતી. શ્રીહરિના ગુણગાન સાથે ઉમંગભેર સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

તા. ૧૬ - ૦૨ - ૨૦૧૯, શનિવાર જયા એકાદશીના પાવનદિને શ્રીહરિ તપોવન ગુરુકુલ ગંગાજી અને શ્રીહરિ વિદ્યામંદિર સમગ્ર પરિવાર દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજના મહંત સદ્. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞા તથા સંસ્થા સંચાલક શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજી અને પુરાણી સ્વામી ભક્તિવિહારીદાસજીના સૂચનથી પુલવામા (કાશ્મિર)માં શહિદ થયેલા સી.આર.પી.એફના જવાનોને વીરાંજલિ

આપવામાં આવી હતી. પ્રથમ શ્રી ઠાકોરજી અને ભારતમાતાની ચિત્ર પ્રતિમા સન્મુખ ત્રિરંગાના રંગની ગોઠવણી સાથે સંચાલક સંત મંડળ પૈકી સ્વામી સત્યજીવનદાસજી અને પુરાણી સ્વામી નિર્ભયજીવન દાસજીના વરદ્ હસ્તે કુલ - ૪૪ દીપ પ્રજ્વલ્લિત કરવામાં આવ્યા હતા. આ દીપ સ્વરૂપે દિવંગત સૈનિકોની શહાદતને નમનરૂપ શાળાના શિક્ષકશ્રી મોહનભાઇ બારોટના કંઠે શૌર્યગીત રજૂ કરવામાં આવ્યું હતું. જનમંગલ નામાવલિના સામૂહિક પાઠ અને સ્વામિનારાયણ મહામંત્રની ધૂન દ્વારા વીર જવાનોની સદ્ગતિ માટે પ્રાર્થના કરવામાં આવી હતી. આ પ્રસંગે ગુરુકુલના નિયામક નયનભાઇ ચાવડાએ સમગ્ર ઘટનાક્રમથી સર્વેને માહિતગાર કર્યા હતા. શોકની લાગણીસહ જયા એકાદશી વ્રતનું પુણ્ય શહીદોના કલ્યાણાર્થે શ્રીહરિના ચરણોમાં કૃષ્ણાર્પણ કરી સમગ્ર તપોવન પરિવારે મૂળભુત કર્તવ્યરૂપ રાષ્ટ્રભાવના વ્યક્ત કરી હતી.

તા. ૧૭ - ૦૨ - ૨૦૧૯, રવિવાર વિશ્વકર્મા જયંતીના શુભદિને તપોવન ગુરુકુલ પરિવાર દ્વારા તીર્થધામ ગંગાજી ખાતે માઘ સ્નાન ઉદયાપનની રંગેચંગે ઉજવણી કરવામાં આવી હતી. ગુરુકુલથી ગંગાજી સુધી વાજીંત્રે સહિત શોભાયાત્રા સ્વરૂપે શ્રી હરિકૃષ્ણ મહારાજને તીર્થધામમાં પ્રવેશ કરાવી ગંગાજી અને યમુનાજીના કુંડ પાસે નૂતન ટેબલરૂપી આસને પધરાવવામાં આવ્યા હતા. આ પ્રસંગની દિવ્યતામાં વૃદ્ધિ કરવા શાસ્ત્રી સ્વામી સિદ્ધેશ્વરસ્વરૂપદાસજી, સ્વામી નરનારાયણપ્રિયદાસજી, સ્વામી સત્યજીવનદાસજી, પુરાણી સ્વામી નિર્ભયજીવનદાસજી તેમજ રામપર જુનાવાસ, રામપર નવાવાસ અને વેકરાના સાંખ્યોગી બહેનો પૂર્ણ સમય ઉપસ્થિત રહ્યા હતા. રાસની રમઝટ બાદ શ્રી હરિકૃષ્ણ મહારાજનું સંતો અને માઘ સ્નાનમાં જોડાયેલા ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓના હસ્તે પંચામૃત અભિષેક કરવામાં આવ્યો હતો. અભિષેક અને સ્નાન સમયે શાસ્ત્રી સ્વામી સિદ્ધેશ્વરસ્વરૂપદાસજી અને સ્વામી સત્યજીવનદાસજીએ મંત્રોચ્ચારનો દોર સંભાળ્યો હતો. પવિત્ર બન્ને કુંડમાં શ્રી ઠાકોરજીને સ્નાન કરાવી નયનરમ્ય વાઘા અને અભુષણો દ્વારા શણગાર કરવામાં આવ્યા, ત્યારબાદ સુગંધીમાન વિવિધ પ્રકારના પુષ્પો દ્વારા પુષ્પવૃષ્ટિ કરવામાં આવી ત્યારે સમગ્ર વાતાવરણ દિવ્ય ભક્તિમય બન્યું હતું. સંગીતમય આરતી-ધૂન બાદ સામુહિક સ્નાન સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

અહેવાલ : યાજ્ઞિક પોકાર

★★★★★★★★★★★★★★★★

## વસંતપંચમી : ભક્તિનગર

શ્રી સ્વામિનારાયણ મંદિર, ભક્તિનગરમાં તા. ૧૦-૨-૧૯ના વસંતપંચમીના દિવસે પ્રસાદીનું સ્થળ સધુરાઈ તળાવના કિનારે જયાં મહારાજ ઊંટ ઉપર બેસીને કેરા ગયા હતા. અનેકવાર મહારાજે તળાવમાં સ્નાન કર્યું છે. હરિભક્તોને ઉપદેશ આપ્યો છે. એવાં પ્રસાદીના સ્થળના કિનારે કચ્છ શ્રીનરનારાયણદેવ યુવતી મંડળ, મહિલા મંડળ, વૃધ્ધ મંડળ એમ ત્રણ મંડળની સભા સાં.યો. બહેનોએ કરી હતી. ચેષ્ટાના પદની લીલપા ડ્રામા કરીને રમાડી હતી. ક્વીઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સંચાલન સાં.યો. સવિતાબાઈએ કર્યું હતું. મહંત સાં.યો. પુરબાઈ ફઈ તેમજ શિષ્ય મંડળ ઉપસ્થિત રહ્યા હતા. જયશ્રીબેન પ્રેમજી શિયાણીએ યુવતી મંડળમાં આવવાનો ફાયદો થયો એ વિશે સમજાવ્યું હતું. પ્રિયા પ્રેમજી ગોરસીયાએ અભિમાન ન કરવું એ વિશે સમજાવ્યું હતું. સંગીત ખુરશીની રમત પણ રમાડવામાં આવી હતી. અ.નિ. સ.ગુ. સ્વામી હરિસ્વરૂપદાસજીએ આવા મંડળની સ્થાપના કરીને સત્સંગનો લાભ આપ્યો અને વધુમાં વધુ બહેનો જોડાય એવી ટકોર સાં.યો. બહેનોએ કરી હતી.

- જોધાણી રમીલા દેવજી, ભક્તિનગર



# સત્સંગ સમાચાર વિદેશ

## સંતોની પધરામણી - ગાંબીયા

ગામ કેરાના અને વર્ષોથી ઓલ્ડહામ (યુ.કે)માં સ્થિત થયેલા પ.ભ. હિતેશભાઈ પરબત ભુડીયાએ ગાંબીયામાં કાજુ પ્રોસેસીંગ યુનીટ, પેવીંગ બ્લોક યુનીટ, લોગ સાઈઝીંગ યુનીટ, અને એલ્યુમીનીયમ યુનીટના ઉદ્ઘાટન પ્રસંગે ભુજથી સ.ગુ. પુ. સ્વામી દેવકૃષ્ણ દાસજી, સ.ગુ. પુ. સ્વામી ભગવતજીવનદાસજી, સ.ગુ. પુ. સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજી, શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજી, પુરાણી સ્વામી વેદાંતસ્વરૂપદાસજી, પુ.સ્વામી નારાયણદાસજી આદિ સંતોનું આગમન તા.૧-૨-૨૦૧૯, શુક્રવાર, સાંજે ૯ વાગ્યે થયું. તા. ૩-૨-૨૦૧૯, રવિવારનાં રોજ સવારે ૮-૦૦ વાગ્યે મહાપૂજા કરવામાં આવી. આ પરિવારમાં હિતેશભાઈ ધ.પ. જયશ્રીબેન સુપુત્રો પ.ભ પરેશભાઈ ધ.પ. નિકિતાબેન પૌત્ર ધનેશ, વિહાન, વિનય અને પુત્ર પરેશ ધ.પ જ્યોતીબેન આદિ સમગ્ર ભુડિયા પરિવારે લાભ લીધો હતો. ત્યારબાદ વર્કશોપમાં તૈયાર થયેલ મશીનરીનું સંતોના વરદ્હસ્તે તથા બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ હરિભક્તોની હાજરીમાં ઉદ્ઘાટન થયું હતું. ભોજનપ્રસાદ લઈને સૌ છૂટા પડ્યા હતા. એચ.પી.બી. ઈન્ડસ્ટ્રીઝના આંગણામાં જ સાંજે વિશેષ સત્સંગ સભાનું આયોજન કર્યું હતું જેમાં શાસ્ત્રી સ્વામી વેદાંતસ્વરૂપદાસજીએ પુરુષાર્થથી ભગવદ્ પ્રાપ્તિ વિષય ઉપર વ્યાખ્યાન કર્યું હતું. ત્યારબાદ સ.ગુ. પુ. સ્વામી ભગવતજીવનદાસજી તથા સ.ગુ. પુ. સ્વામી દેવકૃષ્ણ દાસજીએ આશીર્વાદ આપ્યા હતા. ફેક્ટરીના નિર્માણ કાર્યમાં સહયોગી બનનાર હરિભક્તોને હિતેશભાઈ દ્વારા વિશેષ સન્માન કરાયા હતા.

આ પ્રસંગે ગાંબીયા સ્વામિનારાયણ મંદિરમાં શ્રીજી મહારાજનો પ્રસાદીનો તકતો હિતેશભાઈ દ્વારા ભેટ આપવામાં આવ્યો હતો. સભાનું સંચાલન શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજીએ કર્યું હતું અને આભારદર્શન હિતેશભાઈએ કર્યું હતું.

સભા સમાપન બાદ ભવ્ય રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ભોજનરૂપી મહાપ્રસાદ લઈને સૌ છુટા પડ્યા હતા. -સાધુ વેદાંતસ્વરૂપદાસજી

★★★★★★★★★★★★★★★★★★★★

## અમૃત મહોત્સવ લોગનું વિમોચન : પૂર્વ આફ્રિકા સત્સંગ સ્વામિનારાયણ મંદિર, નાઈરોબી

પૂર્વ આફ્રિકા સત્સંગ સ્વામિનારાયણ મંદિર, નાઈરોબીને ડિસેમ્બર મહિનામાં નવા મંદિરને ૨૦ વર્ષ તેમજ મૂળ સ્થાપનાને ૭૫ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે તે નિમિત્તે તા. ૨૦-૧૨-૧૯ થી ૨૬-૧૨-૧૯ સુધી અમૃત મહોત્સવ ઉજવવાનું નિર્ધારેલ છે. તેના ઉપલક્ષ્યમાં ઉત્સવના લોગોનું વિમોચન પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજના શુભ કરકમળ દ્વારા તેમજ સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી માધવપ્રસાદદાસજી, સ.ગુ. સ્વામી મહાપુરુષદાસજી આદિ સંતોની હાજરીમાં ઉત્સવના લોગોનું વિમોચન કરવામાં આવેલ. પૂજ્ય મહારાજશ્રી કુટુંબ સહિત પધારવા મંદિરના પ્રમુખશ્રી મનજીભાઈ રાઘવાણી દ્વારા જાહેર સભામાં આમંત્રણ આપવામાં આવેલ જેને મહારાજશ્રીએ સહર્ષ સ્વીકારેલ અને અંતમાં મહારાજશ્રીએ આ ઉત્સવ ખૂબ ધામધૂમથી ઉજવાય અને સફળતાથી પાર પામે એવા આશીર્વાદ આપ્યા હતા.

સમગ્ર સભાનું સંચાલન શા. સ્વામી અક્ષરપ્રકાશ દાસજીએ કરેલ હતું.

શિક્ષાપત્રી જયંતી : પૂર્વ આફ્રિકા સત્સંગ સ્વામિનારાયણ મંદિરમાં તા. ૧૦-૨-૨૦૧૯, રવિવારના રોજ શિક્ષાપત્રી જયંતીના દિવસે શિક્ષાપત્રીનું પૂજન સવારે ૯:૦૦ વાગ્યે કરવામાં આવેલ. બહોળી સંખ્યામાં બાઈઓ તથા ભાઈઓ જોડાયા હતા. પૂજનબાદ થાળ અને સમૂહમાં આરતી ઉતારવામાં આવેલ.

- મંત્રીશ્રી મનોજ આસાણી

# એક બકરીની વાત. (દૃઢ આશરો)




શા. સ્વામી સંતસ્વરૂપદાસજી

બાળમિત્ર! જય શ્રી સ્વામિનારાયણ, મિત્ર ! ભગવાનનો દૃઢ આશરો આપણા જીવનમાં હોવો જોઈએ. એક દૃઢ આશરો હોય તો જ ભગવાન આપણી રક્ષા કરે. તે વિશે વાંચીએ એક બકરીની વાર્તા.

એક ભરવાડ હતો. એમની પાસે ઘણા બધાં બકરાં હતાં. એક દિવસ એ બકરાં ચારતો ચારતો મોડી સાંજે ગામ પાછો વળ્યો. પોતાને ઘેર આવતાં મારગમાં એક બકરીનો પગ ભરોડામાં પેસીને ભાંગી ગયો. એટલે તે બકરી તો ત્યાંજ બેસી રહીને પોતાનું ટોળું ગામમાં પહોંચી ગયુ. સાંજ પડી ગઈ હતી. બકરી વિચાર કરવા લાગી કે હવે મૃત્યુ નક્કી આવ્યું. આ વગડામાં જનાવરો મને મારી ખાશે એમ વિચારે છે, એટલામાં ચંદ્રના એજવાળે એક મોટું સિંહનું પગલું જોવામાં આવ્યું ત્યારે તેનો આશ્રય કરીને ત્યાં બેસી ગઈ. થોડીવાર થઈ ત્યાં તો એક રીંછ આવ્યો. બકરીને એકલી જોઈ તેને મારી ખાવા માટે નજીક આવ્યો. પહેલાં તો બકરી ડરી ગઈ પરંતુ હિંમત રાખીને બોલી ‘એ રીછ.., આ પગલું કોનું છે ? તે જો પહેલા. આ પગલું જંગલના રાજા સિંહનું છે. અને હું તો એ પગલાં ને આશરે બેઠી છું જો તારામાં તેને જવાબ દેવાની હિંમત હોય તો મને મારી ખાઈજા.’ ત્યારે પેલો રીંછ બકરીના હિંમત ભર્યા શબ્દો સાંભળી ડરીને નાસી ગયો.

થોડીવાર થઈ ત્યાં તો એક મોટો વિકરાળ અને ભયાનક વાઘ આવ્યો. વાઘની ભયાનક ત્રાડથી બકરી તો ફફડી ગઈ. પણ હિંમત રાખી સિંહનું પગલું બતાવીને કહેલા લાગી, ‘જુઓ વાઘભાઈ! ‘હું આ સિંહના પગલાના આશરે બેઠી છું. જો તમે મને ખાઈ જશો તો પછી જંગલના રાજા સિંહને શું જવાબ આપશો. એ વિચારીલો.’ બકરીની બળભરી વાતથી વાઘ ઢીલો પડ્યો. અને ડરીને જતો રહ્યો. રાત બહુ થઈ ગઈ હતી. બકરીને ઊંઘ આવતી હતી. તેની જરાક આંખ મીંચાઈ ત્યાં તો આખું જંગલ ધમધમ થવા લાગ્યું. સામે નજર કરી તો જેમનું પગલું હતું તેજ જંગલનો રાજા સિંહને આવતા જોયો. બકરી પાસે આવીને ઊભો રહ્યો. પણ બકરી તો જરાય ડર્યા વગર ત્યાં જ બેઠી રહી.

નીડર બકરીને જોઈને સિંહને નવાઈ લાગી. સિંહે બકરીને કહ્યું ‘તને આવા ભયાનક જંગલમાં હિંસક જનાવરનો ભય નથી લાગતો.’ ત્યારે તે બકરી નમન કરીને કહ્યું ‘હે જંગલના રાજા! હું તો આ તમારા પગલાંને આશરે અત્યાર સુધી જીવતી રહી છું. રીંછ અને વાઘ જેવાં ભયાનક જાનાવર પણ મને કંઈ કરી શકયા નથી. આપ મહાન છો.. હું તમારે શરણે છું હવે તમારે જેમ કરવું હોય તેમ કરો.’ સિંહે વિચાર્યું કે મારે પગલાને આશરે જો જીવ સુરક્ષિત રહી શકે તો મારે શરણે આવેલા જીવની તો રક્ષાજ થાય, પણ મરાય તો નહીંજ. એમ વિચારી સિંહે રાજી થઈને બકરીને કહ્યું ‘તારે કંઈ કામ હોય તો કહે.’ ત્યારે બકરી બોલી કે ‘મારે તો ગામમાં મારા ધણીને ત્યાં બકરાં જોડે જવું છે. પણ આ મારો પગ ભાંગી ગયો છે. તેથી, હું અહીં રહી ગઈ છું.’ એમ કહીને બકરી મૌન રહી,

તેટલામાં એક હાથી આવતો જોયો તે નજીક આવ્યો એટલે સિંહે હાથીને આજ્ઞા કરી કે આ બકરીને તારા માથા ઉપર બેસાડીને નવી કુંપળો કુંમળુ ઘાસ ખવરાવતો હેમખેમ તેના ઘરે પહોંચાડી આવ. રાજાની આજ્ઞા થતાં હાથી બકરીને માથા ઉપર બેસાડી ડોલતો ડોલતો. છેક ગામમાં એનો ધણી જે ભરવાડ તેના નેસળામાં મુકી આવ્યો.

તાત્પર્ય, બાળમિત્રો! સિંહના પગલાના આશરે રહેવાથી જંગલી પ્રાણીઓથી બકરીની રક્ષા થઈ. તેમ ભગવાન અને સંતોના આશરે રહેવાથી ભગવાન આપણી આલોકમાં અને પરલોકમાં ચોક્કશ રક્ષા કરશે માટે એક ભગવાનના ચરણાવિંદનો જ દૃઢ આશરો રાખવો.

## -: અભ્યાસનું મહત્ત્વ :-

બાળ મિત્રો, આજના આધુનિક યુગમાં ભણેલા અને બુદ્ધિશાળી માણસોનું જ મૂલ્ય વધુ જોવામાં આવે છે. આ સમાજમાં ટકવા તથા સારું જીવન જીવવા માટે ભણવું ખૂબ જરૂરી છે. તો મિત્રો, ચાલો અભ્યાસની મહત્તા સમજીએ.

૧. અભ્યાસથી બુદ્ધિનું ઘડતર થાય છે. પછી તે વિકસિત બુદ્ધિ જીવનનાં દરેક ક્ષેત્રોમાં કામ લાગે છે.
૨. સારું ન ભણનાર વ્યક્તિ ભણેલા માણસ વચ્ચે, હંસ વચ્ચે કાગડા જેવો લાગે છે.
૩. માતા-પિતા પોતાના બાળકોને સારામાં સારું શિક્ષણ અપાવે છે, કારણ કે તેઓ જાણે છે. કે સારું ભણનારને સારી તકો મળે છે.
૪. યાદ રાખીએ : વિશ્વમાં અનેક લોકોને ભણવું છે. છતાં તેની પાસે વ્યવસ્થા નથી હોતી. આપણને વ્યવસ્થા મળી છે, તો આળસ, ટી.વી., ગપ્પાં મારવાનું છોડી મન મૂકી ભણી લેવું જોઈએ.
૫. અમે ગરીબ છીએ,મારી યાદશક્તિ ઓછી છે, મારી પાસે સમય નથી, હું શું કરું.... વગેરે તમામ નબળા વિચારો છોડી, મહેનત કરી અભ્યાસ કરી લેવો. પુરુષાર્થથી પ્રગતિ થાય જ છે. મહેનત કરનાર આગળ વધી જ શકે છે.
૬. અભ્યાસથી સમાજમાં ગૌરવભર્યું સ્થાન મળે છે.
૭. બાળકો , ભણો, ખૂબ ભણો, શાળા-ટ્યૂશન ઉપરાંત દરરોજ ૨-૪ કલાક અભ્યાસ કરો. તમે અત્યારે રખડશો તો આખી જિંદગી રખડવાનો વારો આવશે. અને ભણસો તો આખી જિંદગી સુખ-શાંતિથી વિતાવી શકશો.

---

## -: હસતા રહો :-

એક નવી પરણેલી સ્ત્રીએ કરિયાણાના દુકાનદાર પાસે જઈને ફરિયાદ કરી : 'તમે મને જે ઘઉંનો લોટ આપ્યો છે તે બહુ કડક છે!'
દુકાનદારે : 'કહ્યું લોટ બહુ કડક છે ?'
સ્ત્રી : 'હા, એમાંથી મેં ભાખરી બનાવી પણ મારા વરથી એ તૂટતીય નથી.'

- - - - - - - - - - - - - - -

એક કંજૂસની પત્ની બિમાર હતી. ઘરમાં લાઈટ જતી રહી, એટલે એમણે મીણબત્તી સળગાવી. પત્નીની બીમારી વધતી જતી હતી એટલે એ ડોક્ટરને બોલાવા નીકળ્યો. જતાં જતાં પત્નીને કહેતો ગયો : હું ડોક્ટરને બોલાવા જાઉં છું. જો તને એવું લાગે કે હવે હું નહિ બચુ તો મહેરબાની કરીને મરતાં પહેલાં મીણબત્તી ઠારતી જજે.

---

## -: શબ્દ રચના :-

### ખાના ખજાના નીચે આપેલ ખાના પૂર્ણ કરો

| | | | | | |
|---|---|---|---|---|---|
| શ્રીહરિનું નામ | | | જા | | |
| દેવ | | | | મ | |
| મંદિર | | | | | દ |
| નંદ સંતો | | | ળા | | |
| ભકત | | ભ | | | |
| પ્રસાદીનું સ્થળ | | | લી | | |
| શાસ્ત્ર | વ | | | | |
| બહેન ભકત | | | જ | | |
| ચાર ધામ | | | | | મ |

## -: જાણવા જેવું :-

૧. સૂર્યના પ્રકાશને પૃથ્વી પર આવતા ૮ મિનિટ અને ૧૭ સેકંડ લાગે છે.
૨. પૃથ્વી તેની ધરી પર કલાકના ૧,૦૦૦ માઈલની ઝડપે ફરે છે જ્યારે અવકાશમાં તે કલાકના ૬૭,૦૦૦ માઈલની ગતિએ ફરે છે.
૩. ઓસ્ટ્રેલિયામાં માણસો કરતા ઘેટાંની વસતી વધુ છે. ત્યાં ૧૪.૭ કરોડ ઘેટા છે. એટલે કે એક માણસ દીઠ ૮ થી ૯ ઘેટાં છે.
૪. દર વર્ષે પૃથવી પર ૧ લાખ ધરતી કંપ થાય છે.
૫. દરેક સેકંડે લગભગ ૧૦૦ વાર વીજળી પૃથ્વી પર ત્રાટકે છે.

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૧૫૦૦/- સાંખ્યયોગી બહેનો સત્સંગ મંડળ, કોડકી, વસંતપંચમી ઉત્સવ નિમિત્તે ભેટ

૧૦૦૦/- અ.નિ. નટવરલાલ ગફુરભાઈ પટેલ, મુંબઈ, હ. સુલોચનાબેન એન. પટેલ, અ.નિ. નટવરલાલ પટેલની પુણ્યસ્મૃતિમાં

૫૦૧/- હરિશ રામજી કેરાઈ, સુખપર, સી.એ.ની પરીક્ષામાં ઉત્તીણ થતાં તે નિમિત્તે ભેટ

૫૦૧/- રિહાન વિરેન પિંડોરીયા, દહીંસરા હાલે લંડન, જન્મદિવસ નિમિત્તે ભેટ

૫૦૧/- મનોજકુમાર હરિલાલ નાકરાણી, આમારા, ચિં. જયસુખના જન્મ નિમિત્તે ભેટ

૫૦૦/- જિજ્ઞા નિલેશ જેસાણી બળદીયા હાલે ન્યુઝીલેન્ડ, પુત્રી જન્મ નિમિત્તે ભેટ

૫૦૦/- કાનજી માવજી નાકરાણી અંજાર, શ્રીનરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ

૫૦૦/- મહેન્દ્ર જાદવજી ભુડીયા, માધાપર, વાડીએ નવો બોર કરાવ્યો તે નિમિત્તે ભેટ

૨૫૧/- પાર્થ શૈલેષ જેસાણી, દહીંસરા હાલે કોઈમ્બતુર, જન્મદિવસ નિમિત્તે ભેટ

૨૫૧/- જીયા શૈલેષ જેસાણી, દહીંસરા હાલે કોઈમ્બતુર, જન્મદિવસ નિમિત્તે ભેટ

૨૫૧/- અરવિંદ વેલજી ગણાત્રા, મુંબઈ, શ્રીજી મહારાજની પ્રસન્નતાર્થે ભેટ

૨૫૧/- નીલ વિનોદભાઈ વરસાણી, માધાપર, જન્મદિવસ નિમિત્તે ભેટ

૨૧૧/- શિવજી ધનજી માસ્તર, માધાપર, જન્મદિવસ નિમિત્તે ભેટ

૨૦૧/- કરસનભાઈ ઝીણા જેસાણી ધ.પ.રતનબાઈ, સુત ભીમજી કરસન ધ.પ. ધનબાઈ, બળદીય, શ્રીનરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ

૨૦૦/- વાલજી માવજી ભુડીયા, માધાપર, ચિ. અક્ષયકુમારના જન્મદિવસ નિમિત્તે ભેટ

૨૦૦/- મનજી માવજી ભુડીયા, માધાપર, ચિ. સંજયના જન્મદિવસ નિમિત્તે ભેટ

૧૫૧/- આનવીબેન રાહુલભાઈ પટેલ, કરમસદ, ચિ. આનવીના, જન્મ પ્રસંગે ભેટ

૧૫૧/- વિશ્રામભાઈ રૂડાભાઈ હીરાણી, આ.સુખપર ચિ. પુત્રી કલ્પનાબેનના લગ્ન પ્રસંગે ભેટ

૧૫૧/- રિંકલ રમેશભાઈ વેકરીયા, સુખપર , અ.નિ. વેકરીયા માનબાઈ નાનજીની પુણ્યસ્મૃતિમાં

૧૫૧/- પ્રિયાંશી રાજેશ હિરાણી, માધાપર, જન્મદિવસ નિમિત્તે ભેટ


॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

## ભુજ નિત્યદર્શનમ્

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ, પ્રસાદિ મંદિર, અંજાર અને માંડવીમાં બિરાજતા દેવોનાં નિત્યદર્શન તથા સંતોની અમૃતવાણી વોટ્સઅપમાં ''ભુજ નિત્યદર્શનમ્'' દ્વારા ઘેર બેઠન મેળવવા માટે.



**+91 73592 50231**

**આ નંબર આપના મોબાઈલમાં સેવ કરી આપનું પુરૂં નામ અને ગામ, વોટ્સઅપ કરશો.**

**નોંધ : આ ગ્રુપ માત્ર દર્શન માટે જ છે. તેથી કૃપા કરીને કોઈએ પણ ગ્રુપમાં કોમેન્ટ ન કરશો.**





પ.ભ. હિતેશભાઈ ભૂડીયા ગામ કેરા હાલે ઓલ્ડધામ યુ.કે.નાને ત્યાં સંતોની પધરામણી, ગાંબીયા (વેસ્ટ આફ્રિકા)







વચનામૃતની ૨૦૦મી જયંતીના ઉપક્રમે વચનામૃત શોભાયાત્રા, પૂજન તથા સંતોના રૂડા આશીર્વાદ - કોડકી ગંગાજી







શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૫ (પાંચમો) વાર્ષિક પાટોત્સવ - એડેલેઈડ (ઓસ્ટ્રેલીયા)

RNI NO. GUJ/GUJ/2001/5643 **Shree Swaminarayan Dharmasandesh** Postal Regd. No. GKCH-158/2018-2020
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ / STG OFFICE WPP Lic No. G-PMG-RJT/011/2019/UPTO 31-12-2019

# ભુજ મંદિર તાબાનું નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરનો મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ - નાના અંગીયા











